" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "
રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 192 | AD - 2026, Vaishakh Sud - 03 | Sunday, Dt. 19-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00





# મહિલા સંશોધન બીલ પસાર ન કરી શક્યો તે બદલ દેશની મહિલાઓની માફી માંગુ છું. : પીએમ મોદી

નવી દિલ્હી,તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને સંબોધિત કરતા મહિલા અનામત બિલ પસાર ન થઈ શકવા બદલ દેશની નારીશક્તિની માફી માંગી છે. લોકસભામાં 'બંધારણ (૧૩૧મો સુધારો) બિલ' પસાર ન થતા PM મોદીએ દુઃખ વ્યક્ત કર્યું હતું. આ બિલ અંતર્ગત લોકસભાની બેઠકો ૫૪૩થી વધારીને ૮૧૬ કરવાની અને મહિલાઓને ૩૩% અનામત આપવાની દરખાસ્ત હતી.વડાપ્રધાને કોંગ્રેસ, ડીએમકે અને સપા જેવા પક્ષો પર આકરા પ્રહાર કરતા જણાવ્યું કે, આ પક્ષોની સ્વાર્થી અને પરિવારવાદી રાજનીતિને કારણે દેશની મહિલાઓએ નુકસાન ભોગવવું પડ્યું છે. તેમણે ઉમેર્યું કે જ્યારે મહિલા હિતનો પ્રસ્તાવ નામંજૂર થયો, ત્યારે વિપક્ષી નેતાઓ ટેબલ થપથપાવીને જશ્ન મનાવી રહ્યા હતા, જે મહિલાઓના સ્વાભિમાન પર ઈજા સમાન છે.PM મોદીએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે વિપક્ષ દ્વારા કરવામાં આવેલા આ 'પાપ'ની સજા જનતા ચોક્કસ આપશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ૨૧મી સદીની જાગૃત મહિલાઓ આ અપમાનને ક્યારેય ભૂલશે નહીં અને આગામી સમયમાં વિપક્ષને તેની મંશાનો જવાબ મળશે.















# પ્રાથમિક સુવિધાને લઈ વડીયાના રહીશો આક્રમક મૂડમાં

વડીયા,તા.૧૮

સમગ્ર રાજ્યમાં જ્યારે હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનો માહોલ જામી રહ્યો છે, ત્યારે અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાના કૃષ્ણપરા વિસ્તારમાં લોકશાહીનો અનોખો મિજાજ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારની મહિલાઓ લાંબા સમયથી ગટર અને સફાઈ જેવી પ્રાથમિક સુવિધાઓથી વંચિત રહેતા અને ગંદકીના સામ્રાજ્ય વચ્ચે જીવવા મજબૂર બનતા, અંતે ત્રાહિમામ પોકારીને ગ્રામપંચાયત કચેરી ખાતે રજૂઆત કરવા પહોંચી હતી. ઉભરાતી ગટરોની સમસ્યાથી કંટાળેલા રહીશો હવે પોતાના વિસ્તારમાં ભૂગર્ભ ગટરની માંગ કરી રહ્યા છે, જે ખરેખર તો જિલ્લા અને તાલુકા પંચાયતના સદસ્યોની પ્રાથમિક જવાબદારીમાં આવે છે. આ આક્રોશ વચ્ચે સ્થાનિકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય અને તાલુકા પંચાયત સદસ્યે છેલ્લા પાંચ વર્ષમાં કૃષ્ણપરા વિસ્તારના વિકાસ માટે શું કર્યું? લોકોની સમસ્યાઓ નિવારવામાં તેઓ



કેમ ઉણા ઉતર્યા છે અને તેમણે પોતાની વિકાસલક્ષી ગ્રાન્ટનો ઉપયોગ ક્યાં કર્યો છે? ચૂંટણીના સમયે જ્યારે નેતાઓ મતોની અપેક્ષાએ ઘરે-ઘરે જઈ રહ્યા છે, ત્યારે જનતા તેમને જૂના વચનો અને અધૂરા કામો બાબતે આકરા સવાલો કરી રહી છે. નવાઈની વાત તો એ છે કે આ વિસ્તારના ગ્રામપંચાયત સદસ્યના પ્રતિનિધિ પોતે જ અત્યારે તાલુકા પંચાયતની ચૂંટણી લડી રહ્યા છે, છતાં પણ છેલ્લા ચાર વર્ષમાં ગટર કે સફાઈ બાબતે કોઈ નક્કર રજૂઆત કેમ કરવામાં ન આવી તે મોટો પ્રશ્ન છે. વડિયાના કૃષ્ણપરા અને ઢોળવાનાકા વિસ્તારના લોકો અત્યારે પાયાની જરૂરિયાતો માટે વલખાં મારી રહ્યા છે અને વિકાસના ખોટા દાવાઓ કરતા નેતાઓ માટે આ સ્થિતિ અત્યંત શરમજનક સાબિત થઈ રહી છે. લોકો હવે જાગૃત થયા છે અને સમજી ગયા છે કે ચૂંટણી એ જ યોગ્ય સમય છે જ્યારે નેતાઓને તેમના નૈતિક કર્તવ્યોનું ભાન કરાવી શકાય. ગંદકી અને રોગચાળાના ભય હેઠળ જીવતી જનતા હવે માત્ર વચનો નહીં પણ પરિણામ ઈચ્છી રહી છે. આગામી સમયમાં આ ઉભરાતી ગટરો અને સફાઈની સમસ્યાઓથી લોકોને ક્યારે મુક્તિ મળશે તે જોવાનું રહ્યું.

**મત માંગવા જતા નેતાઓ સામે અધુરા કામ બાબતે લોકોના આકરા સવાલો**

# લીલીયા મોટામાં પાર્ટ ટાઈમ નોકરીની લાલચ આપી છેતરપિંડીના નામે મહિલા પાસેથી નાણાં પડાવ્યા

લીલીયા, તા. ૧૮

લીલીયા મોટામાં ઓનલાઈન નોકરી શોધતી એક મહિલા સાયબર ઠગનો શિકાર બની હોવાની ઘટના સામે આવી છે. નોકરી અપાવવાના બહાને ઠગે મહિલાને વિશ્વાસમાં લઈ તેના બેંક ખાતામાંથી નાણાં પડાવી લીધા હતા.આ અંગે વિશાલભાઈ મુકેશભાઈ વઢવાણાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પત્ની માનસીબેને પાર્ટ ટાઈમ નોકરી મેળવવા માટે જાણીતી વેબસાઈટ 'Quikr' પર પોતાની પ્રોફાઈલ બનાવી હતી. આ પ્રોફાઈલના આધારે અજાણ્યા ઠગબાજોએ તેમનો સંપર્ક કર્યો હતો. ફોન કરનાર શખ્સે પોતાની ઓળખ 'Quikr' વેબસાઈટના કર્મચારી તરીકે આપી હતી.આરોપીએ માનસીબેનને વિશ્વાસમાં લીધા હતા કે તેમણે નોકરી મેળવવા માટે જે પ્રોફાઈલ બનાવી છે, તેને પહેલા કેન્સલ કરવી પડશે અને ત્યારબાદ NOC ક્લિયર કરાવવું પડશે. ઠગે એવી લાલચ આપી હતી કે નોકરી મળી ગયા પછી NOC પેટે ભરેલા તમામ નાણાં રિફંડ મળી જશે. નોકરીની લાલચમાં આવી ગયેલા માનસીબેને આરોપીની વાતોમાં આવીને પોતાના બેંક ખાતામાંથી Google Pay મારફતે અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ.૩,૯૫૦ ટ્રાન્સફર કર્યા હતા.નાણાં ટ્રાન્સફર કર્યા બાદ નોકરી ન મળતા અને ઠગનો સંપર્ક ન થતા, આ મામલે હવે પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# લીલીયામાં આજે ભગવાન પરશુરામનો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવાશે

લીલીયા,તા.૧૮

લીલીયા ખાતે આજે ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે સમસ્ત બ્રહ્મ સમાજ યુવા ગ્રુપ દ્વારા ભવ્ય અને ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં બ્રહ્મ સમાજના આગેવાનો, રાજકીય અગ્રણીઓ અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે. કાર્યક્રમની વિગતવાર રૂપરેખા મુજબ બપોરે ૪:૦૦ વાગ્યે ભીડભંજન મહાદેવ મંદિરથી ગાયત્રી મંદિર સુધી એક વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ બપોરે ૪:૩૦ કલાકે વડવાળા હનુમાનજી મંદિરે ભગવાન પરશુરામજીની પ્રતિમાનું વિધિવત પૂજન કરવામાં આવશે અને ત્યાં રાસ-ગરબાની રમઝટ સાથે ભક્તિમય ઉત્સવ મનાવવામાં આવશે. સાંજે ૫:૧૫ વાગ્યે વડવાળા હનુમાનજી મંદિરથી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થશે, જે શહેરના વિવિધ મુખ્ય માર્ગો પર ફરીને સાંજે ૭:૦૦ કલાકે ગાયત્રી મંદિરે સંપન્ન થશે. શોભાયાત્રા પૂર્ણ થયા બાદ ગાયત્રી મંદિર ખાતે મહાઆરતી યોજાશે અને ત્યારબાદ તમામ ભક્તો માટે પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમગ્ર મહોત્સવને સફળ બનાવવા માટે બ્રહ્મ સમાજ યુવા ગ્રુપના પ્રમુખ જયેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ યુવાનો દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે.

**આજે સાંજે પાંચ વાગ્યે નાગનાથ મંદિરેથી શોભાયાત્રાનું પ્રસ્થાન થશે**

# અમરેલીમાં ભગવાન પરશુરામની શોભાયાત્રામાં જોડાવવા બ્રહ્મ આગેવાનોનું આહ્વાન

અમરેલી,તા.૧૮


અમરેલી શહેરમાં આજે ભગવાન પરશુરામના પ્રાગટ્ય મહોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. પરશુરામધામ ખાતે યોજાનાર આ ઉત્સવમાં તમામ બ્રહ્મ પરિવારો, જ્ઞાતિબંધુ, વેપારીઓ, સેવાભાવિ સંસ્થાઓ, યુવા સંગઠનના હોદ્દેદારો, રાજકિય



અને સામાજિક અગ્રણીઓને પરશુરામ મહોત્સવમાં ઉપસ્થિત રહેવા બ્રહ્મ આગેવાન ઉદયન ત્રિવેદી, તૃષાર જોષી, ભગીરથ



ત્રિવેદી સહિતના આગેવાનોએ આમંત્રણ પાઠવ્યું છે. આજે સાંજે પાંચ કલાકે નાગનાથ મંદિરેથી ભગવાન પરશુરામજીની ભવ્ય



શોભાયાત્રા નિકળશે, જેમાં સૌને જોડાવવા માટે આહ્વાન કરાયું છે. રાત્રિના સમયે પરશુરામધામ ખાતે લોકગાયક વિમલ મહેતા



તથા પ્રયાગ મહેતાનો લોકડાયરો યોજાયો હતો. ભગવાન પરશુરામનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવવા માટે બ્રહ્મ પરિવારોમાં



થનગનાટ જોવા મળી રહ્યો છે.

# તા.૨૬મીએ રવિવારી બજાર બંધ રહેશે

અમરેલી,તા.૧૮

આગામી તા.૨૬ એપ્રિલ, ૨૦૨૬ના રવિવારના રોજ અમરેલીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાવાની છે. હાલમાં શહેરના સેન્ટર પોઈન્ટથી હરીરામ બાપા ચોક સુધીના માર્ગ પર રસ્તાનું ખોદકામ ચાલુ હોવાથી અને નવો રસ્તો બની રહ્યો હોવાથી ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાવાની શક્યતા છે. મતદાનના પવિત્ર દિવસે મતદારોને કોઈ અગવડતા ન પડે અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ જળવાય તે હેતુથી અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ યાદીમાં જણાવ્યા અનુસાર મતદાનના દિવસે રવિવારી બજાર સંપૂર્ણપણે બંધ રાખવામાં આવશે જેથી એક માર્ગીય રસ્તા પર ટ્રાફિકનું ભારણ ઘટાડી શકાય. જાહેર જનતાએ આ વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.




# સાવરકુંડલા પંથકમાં કોંગ્રેસના વિજય માટે જિલ્લા પ્રમુખ પ્રતાપ દુધાતનો પ્રચાર

અમરેલી,તા.૧૮

સાવરકુંડલાની નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની બેઠકોની ચૂંટણીઓ યોજાઈ રહી છે. જેમાં કોંગ્રેસના ઉમેદવારોને જીતાડવા માટે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત હાલ ઉમેદવારોના પ્રચાર માટે સાવરકુંડલાના ગામડે ગામડે પ્રચાર કરી રહ્યા છે. સાંજે નગરપાલિકાના શહેરી વિસ્તારમાં કોંગ્રેસના ઉમેદવારોને જીતાડવા માટે



મહેનત કરી રહ્યા છે. તેઓ કહે છે કે, હાલમાં સાવરકુંડલા શહેર અને ગ્રામ્યના મતદારોને જે સ્થાનિક જરૂરિયાત હોય તે મળતી નથી. લોકો સરકારની ખોટી નીતિ, મોંઘવારી, બેરોજગારી તેમજ સ્થાનિક સમસ્યાથી પીડાઈ રહી છે.












**સ્કૂલ બસના ચાલકે સ્ટીયરીંગ પર કાબુ ગુમાવતા સર્જાયો અકસ્માત**

# ચલાલાથી ગોપાલગ્રામ જતી બસ ખાળીયામાં ખાબકી, ૨૦ વિદ્યાર્થીઓ ઘાયલ

અમરેલી,તા.૧૮

ધારી તાલુકાના ચલાલાથી ગોપાલગ્રામ જઈ રહેલી ઓ. પી. ઝાટકિયા હાઈસ્કૂલની બસને નડેલા અકસ્માતમાં ૨૦ જેટલા વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થયા છે. ગોપાલગ્રામ નજીક ડ્રાઈવરે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા બસ માર્ગની નીચે આવેલા ઊંડા ખાળિયામાં ઉતરી ગઈ હતી. આ અચાનક બનેલી ઘટનાને પગલે બસમાં સવાર વિદ્યાર્થીઓમાં ભારે ચીસાચીસ અને અફરાતફરી મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ તરત જ દોડી આવીને બચાવ કામગીરી શરૂ કરી હતી, જેના કારણે એક મોટી દુર્ઘટના ટળી હતી અને શાળા સંચાલકો સહિત વાલીઓએ હાશકારો અનુભવ્યો હતો.અકસ્માતની જાણ થતા જ રાજકીય માહોલમાં પણ દોડધામ મચી ગઈ હતી. હાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો હોવાથી, ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષના નેતાઓ, ઉમેદવારો અને કાર્યકરો



પ્રચાર છોડીને તાત્કાલિક ચલાલા આરોગ્ય કેન્દ્ર ખાતે પહોંચ્યા હતા. હોસ્પિટલના પટાંગણમાં નેતાઓની ભારે ભીડ એકઠી થઈ જવાથી સારવાર લેવા આવેલા દર્દીઓ અને ટ્રાફિક વ્યવસ્થામાં થોડીવાર માટે વિક્ષેપ સર્જાયો હતો. ઈજાગ્રસ્ત વિદ્યાર્થી રોનક વાળાએ અકસ્માતની વિગતો આપતા જણાવ્યું કે તેઓ મીઠાપુરથી ગોપાલગ્રામ સ્કૂલ જઈ રહ્યા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. બસમાં આશરે ૨૦ થી ૨૫ વિદ્યાર્થીઓ સવાર હતા, જેમાંથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પાંચ વિદ્યાર્થીઓને વધુ સારી સારવાર માટે અમરેલી રિફર કરવામાં આવ્યા છે. બાકીના વિદ્યાર્થીઓની ચલાલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર ચાલી રહી છે. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી.

### જિલ્લા ભાજપ પ્રમુખ સહિતના આગેવાનો હોસ્પિટલ દોડી ગયા

ગોપાલગ્રામ જતી બસ ખાળીયામાં ઉતરી ગઈ હોવાની અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, રાજુભાઈ ભુતૈયા, મેહુલભાઈ ધોરાજીયા, મયુરભાઈ માંજરીયા હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા. જયાં વિદ્યાર્થીઓના ખબર અંતર પુછી જરૂરી સારવાર માટે સુચનાઓ આપવામાં આવી હતી.



**ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પાંચ વિદ્યાર્થીઓને વધુ સારવાર માટે અમરેલી ખસેડાયા**

## વિજપડી મુકામે જલારામ બાપાના મંદિરમાં આગ લાગી

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલાના વિજપડી ગામે આવેલ જલારામ બાપાના મંદિરમાં અચાનક આગ લાગવાની ઘટના બની હતી. આ અંગે ઘનશ્યામભાઈ જીવારામભાઈ હરીયાણીએ જાહેર કર્યા મુજબ, મંદિરમાં કોઈ અકળ કારણોસર આગ ફાટી નીકળી હતી.આગની લપેટમાં આવતા મંદિરમાં બિરાજમાન ભવાની માતાજીની મૂર્તિ પરની સાડી આગળના ભાગેથી સળગી ગઈ હતી. આ ઉપરાંત, પૂજ્ય જલારામ બાપાના ફોટાની બંને બાજુની લાકડાની ફ્રેમ પણ બળીને ખાખ થઈ ગઈ હતી અને ગરમીના કારણે ફોટા પરનો કાચ તૂટી ગયો હતો.મંદિરમાં આગ લાગવાની જાણ થતા જ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.

આ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી છે કે પછી કોઈ અસામાજિક તત્વોએ જાણીજોઈને આ કૃત્ય કર્યું છે, તે અંગે પંથકમાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ પી. એ. ગોહિલ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

## અમરેલી પોલીસે ચૂંટણી પૂર્વે બે અસામાજિક તત્વોને પાસા હેઠળ જેલભેગા કર્યા

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લામાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ શાંતિપૂર્ણ અને ભયમુક્ત વાતાવરણમાં યોજાય તે હેતુથી શરીર સંબંધી અને મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા લુખ્ખા તત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે. પોલીસની આ સક્રિયતાના ભાગરૂપે અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને રાજુલા પોલીસની ટીમે સંયુક્ત રીતે ઓપરેશન હાથ ધરીને ગંભીર ગુનાહિત ઈતિહાસ ધરાવતા બે





શખ્સોની ઓળખ કરી હતી. રાજુલા પી.આઈ. વી.એમ. કોલાદરા દ્વારા અસામાજિક પ્રવૃત્તિઓમાં લિપ્ત ઈસમો વિરુધ્ધ પાસા (ASA) હેઠળની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. આ દરખાસ્ત જિલ્લા પોલીસ વડા મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજને મોકલવામાં આવતા તેમણે કાયદાકીય પાસાઓની ચકાસણી કરીને તાત્કાલિક અસરથી મંજૂરી આપી હતી. ત્યારબાદ એલ.સી.બી. પી. આઈ. સી.પી. વાઘેલાની ટીમે આ વોરંટની બજવણી કરી રાજુલાના ઘેલા કાનાભાઈ ખાંભલા અને સિહોરના વિજય ઉર્ફે કાદર મકવાણાની અટકાયત કરી હતી. કાયદાકીય જોગવાઈઓ મુજબ ઘેલા ખાંભલાને વડોદરા મધ્યસ્થ જેલ અને વિજય મકવાણાને મહેસાણા જિલ્લા જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. પોલીસની આ ત્વરિત અને આકરી કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને સામાન્ય જનતામાં સુરક્ષાની ભાવના પ્રબળ બની છે.

## નાના રાજકોટની વિદ્યાર્થિની કોલેજ જવાનું કહી નીકળ્યા બાદ ગુમ

લાઠી, તા. ૧૮

લાઠી તાલુકાના નાના રાજકોટ ગામની એક ૧૯ વર્ષીય યુવતી કોલેજ ગયા બાદ રહસ્યમય રીતે ગુમ થઈ હોવાની ઘટના સામે આવી છે. યુવતીના પરિવારે આ અંગે પોલીસને જાણ કરતા શોધખોળ શરૂ કરવામાં આવી છે.મળતી માહિતી મુજબ, નાના રાજકોટ ગામે રહેતી ચેતનાબેન નરેશગીરી ગૌસ્વામી (ઉંમર વર્ષ ૧૯) લાઠી ખાતે આવેલી ગાયત્રી કોલેજમાં અભ્યાસ અર્થે ગઈ હતી. જોકે, કોલેજ ગયા બાદ તે ઘરે પરત ફરી ન હતી. પરિવારે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, ચેતનાબેન કોલેજ ખાતેથી કોઈને પણ કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. પરિવારજનોએ મિત્રો, સગા-સંબંધીઓ અને જાણીતી તમામ જગ્યાઓએ યુવતીની શોધખોળ કરી હતી, પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

આખરે દીકરી ક્યાંય ન મળતા ચિંતાતુર બનેલા પિતા નરેશગીરી ગૌસ્વામીએ લાઠી પોલીસ મથકમાં આ અંગે જાણ કરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.કે. રાઠોડ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.


॥ હર હર મહાદેવ ॥ ॥ જય પરશુરામ ॥



ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર
પરશુરામજીના
ચરણોમાં પ્રાગટ્ય દિન નિમિતે
કોટી કોટી વંદન...

: શુભેચ્છક :

બીના ત્રિવેદી, આનંદી દવે, નિશા ત્રિવેદી, હેતલ ત્રિવેદી, નયના આચાર્ય, મિલી ઠાકર, વિરાજ વ્યાસ, સોનમ જોશી
શીતલ જોશી, રાધિકા ગોલ, વર્ષા જોશી, મીતા જોશી, માધવી જાની, કવિતા ચંદારાણા, સંગીતા જીવાણી
ઉર્મી ત્રિવેદી, ઈલા રાજયગુરુ, જાનવી જાની, બીના મિશ્રા, પ્રીતિ ભટ્ટ, કલગી ત્રિવેદી, ગિરા રાવલ, કીર્તિ ઠાકર

સમસ્ત બ્રહ્મસમાજ - અમરેલી.

# આવતીકાલે અમરેલીના વોર્ડ નં.૮માં લોકશાહીનું બેસણુ યોજશે કોંગ્રેસ નેતા પરેશ ધાનાણી



અમરેલી,તા.૧૮

અમરેલીમાં યોજાનાર નગરપાલિકાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે કોંગી નેતા પરેશ ધાનાણીએ વોર્ડ નં.૮મા લોકશાહીનું બેસણુ યોજ્યુ છે. પરેશ ધાનાણીએ ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૨૧માં ૨૪૧ બેઠકો બિનહરીફ થઈ હતી જયારે વર્ષ ૨૦૨૬મા ૭૩૧ બેઠકો બિનહરીફ થઈ છે તો શું ૨૦૩૧માં મતનુ મૂલ્ય શૂન્ય થઈ જશે? તેવો સવાલ કર્યો છે. હાલમાં અમરેલી નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નં.૮મા કોંગ્રેસ-આપના ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચતા બે બેઠકો ભાજપ માટે બિનહરીફ થઈ છે જયારે વિરોધપક્ષે ભાજપ પર આકરા પ્રહાર કર્યા છે અને મતાધિકાર, સંવિધાન,સ્વાભિમાન અને પ્રશ્નાધિકાર બચાવવા માટે આવતીકાલે લોકશાહી બેસણુ યોજ્યું છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા કોંગી નેતા પરેશ ધાનાણીએ અનુરોધ કર્યો છે.

**કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પરેશ ધાનાણીનો નાગરિકોને અનુરોધ**

# સાવરકુંડલાના ગાધકડામાં ભાજપનું લોકસંપર્ક અભિયાન શરૂ, લોકોમાં ઉત્સાહ



સાવરકુંડલા,તા.૧૮

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના માહોલ વચ્ચે ભવ્ય લોકસંપર્ક અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રાદેશિક ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને ભાજપના પદાધિકારીઓએ ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. ધારાસભ્યએ ઉપસ્થિત જનમેદનીને સંબોધતા જણાવ્યું હતું કે ભાજપ સરકાર હંમેશા વિકાસ, પારદર્શિતા અને જનસેવાના મંત્ર સાથે આગળ વધી રહી છે. તેમણે ગામના વિકાસકાર્યોને વધુ ગતિશીલ બનાવવા માટે આગામી ચૂંટણીમાં ભાજપને પ્રચંડ બહુમતી સાથે વિજયી બનાવવા ભાવભરી અપીલ કરી હતી. આ અભિયાન દરમિયાન ગામના યુવાનો, વડીલો અને મહિલાઓમાં ભારે ઉત્સાહ અને ભાજપ પ્રત્યે મક્કમ વિશ્વાસ જોવા મળ્યો હતો.

# ઘાંડલા-ભાક્ષી રોડ પર ચીખલીયા નદીના કાંઠે ગાયની કતલ કરતા બે શખ્સો ઝડપાયા

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલાના ઘાંડલાથી ભાક્ષી ગામ તરફ જતા રોડ પર ચીખલીયા નદીના કાંઠે ગાયની કતલ કરતા બે શખ્સો ઝડપાયા હતા. સાવરકુંડલામાં રહેતા ભાદરભાઈ કાળુભાઈ ચૌહાણ તથા રૂપાભાઈ ભનુભાઈ પરમાર ગૌવંશની કતલ કરી રહ્યા હોવાની બાતમી મળી હતી. આરોપીઓએ ગાય એ હિન્દુ ધર્મનું પવિત્ર પ્રતીક હોવાનું જાણવા છતાં, જાણી જોઈને હિન્દુ સમાજની ધાર્મિક લાગણી દુભાય તેવું ગેરકાયદેસર કૃત્ય કર્યું હતું. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ બંને આરોપીઓએ પોતાની વસાહત પાસે ગૌવંશ સાથે અત્યંત ક્રૂરતા આચરી તેની કતલ કરી હતી.

આ કતલ કરવા પાછળનો તેમનો હેતુ ગૌમાંસ રાંધીને ખાવાનો અથવા તેનું વેચાણ કરીને આર્થિક લાભ મેળવવાનો હતો.

આ કૃત્યમાં બંને ઈસમોએ એકબીજાની મદદગારી કરી હોવાનું પણ સામે આવ્યું છે. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન. એસ. મુસાર વધુ તપાસ કરી રહ્યા છે.

**જમવાનું પૂરું ન કરી શકતા યુવક પાસે દંડની માંગણી કરાઈ હતી**

# અમરેલી સિવિલ હોસ્પિટલ પાછળ અન્નક્ષેત્રના સંચાલકોએ યુવકને માર માર્યો

અમરેલી, તા. ૧૮

અમરેલી સિવિલ હોસ્પિટલ પાછળ આવેલા એક અન્નક્ષેત્રમાં જમવા ગયેલા યુવક પર સંચાલકો અને અન્ય શખ્સોએ પાઈપ વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ઘટના સામે આવી છે. ભોગ બનનાર યુવકને ડાબા હાથમાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ થતા હાલ તે સારવાર હેઠળ છે. આ અંગે ગોપાલગ્રામના મહેશભાઈ પ્રેમજીભાઈ રાઠોડ (ઉ.વ. ૨૪)એ ભરતભાઈ આચાર્ય, કાળુભાઈ, હીરાભાઈ ખુમાણ, ચતુરભાઈ દાફડા તથા અન્ય ત્રણ અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે.મળતી માહિતી મુજબ, ફરિયાદી યુવક બપોરના સમયે સિવિલ હોસ્પિટલ પાછળ આવેલા અન્નક્ષેત્રમાં જમવા માટે ગયો હતો. જમતી વખતે તેને અચાનક ઉબકા (ઉલ્ટી જેવું) આવતા તેણે થાળીમાં થોડા દાળ-ભાત બાકી રાખ્યા હતા.

યુવક જ્યારે થાળી મૂકવા ગયો ત્યારે અન્નક્ષેત્રના સંચાલક ભરતભાઈ આચાર્યએ તેને અટકાવ્યો હતો અને પરાણે જમી લેવા અથવા દંડ ભરવા દબાણ કર્યું હતું. યુવકે દંડ પેટે રૂ. ૫૦ આપવા માટે ૫૦૦ની નોટ કાઢી હતી. આ દરમિયાન આરોપી સંચાલકે યુવકની જ્ઞાતિ પૂછી હતી. યુવકે પોતાની જ્ઞાતિ જણાવતા જ સંચાલક ઉશ્કેરાઈ ગયો હતો અને અન્ય શખ્સોને બોલાવી લીધા હતા. આ તમામ શખ્સોએ એકસંપ થઈ યુવકને પ્લાસ્ટિકની પાઈપ વડે બેરહેમ માર માર્યો હતો. કુલ ૭ શખ્સોએ મળીને યુવકને માથામાં, જમણા હાથના અંગૂઠા પાસે અને ડાબા હાથમાં પાઈપના ફટકા માર્યા હતા. આ હુમલામાં યુવકને ડાબા હાથમાં ફ્રેક્ચર અને શરીરે મૂઢ ઈજાઓ થઈ હતી.

હાલ અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ખાખબાઈ ગામે મોબાઈલ હેક કરી OTP વગર બેંક ખાતામાંથી રૂ.૯૯,૯૦૦ની ચોરી

રાજુલા, તા. ૧૮

રાજુલાના ખાખબાઈ ગામે ઓનલાઈન છેતરપિંડીનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

એક ભેજાબાજ શખ્સે ફરિયાદીનો મોબાઈલ ફોન હેક કરી, OTP મેળવ્યા વગર જ કટકે-કટકે કુલ રૂ.૯૯,૯૦૦ની રકમ ટ્રાન્સફર કરી લીધી હોવાની ફરિયાદ નોંધાઈ છે.આ અંગે દિનેશભાઈ નાનાભાઈ લાડુમોરે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના એક્સિસ બેંકના ખાતામાંથી (અથવા રાજુલાની બેંકમાંથી) તેમની જાણ બહાર નાણાં કપાવવાનું શરૂ થયું હતું. તપાસ કરતા માલૂમ પડ્યું કે, આરોપી હેમંત કુમારે (જે કોટક મહિન્દ્રા બેંકનો ખાતાધારક છે) ઈલેક્ટ્રોનિક માધ્યમનો ઉપયોગ કરી ફરિયાદીનો મોબાઈલ ફોન હેક કર્યો હતો.સામાન્ય રીતે કોઈપણ ટ્રાન્ઝેક્શન માટે OTPની જરૂર પડતી હોય છે, પરંતુ આ કિસ્સામાં આરોપીએ ટેકનોલોજીનો દુરુપયોગ કરી, ફરિયાદીની જાણ બહાર જ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂ.૯૯,૯૦૦ પોતાના ખાતામાં સેરવી લીધા હતા. પોતાની સાથે સાયબર ફ્રોડ થયું હોવાનું જણાતા ફરિયાદીએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ. કોલાદરા આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના ડેડાણમાં બે શખ્સોએ પિતાને ગાળો આપી અને પુત્રીની છેડતી કરી

ખાંભા, તા.૧૮

ડેડાણ ગામે જૂના પ્રેમસંબંધનો ખાર રાખી પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપવા તેમજ કોલેજ જતી યુવતીની છેડતી કરી જાતીય માંગણી કરવાના ગંભીર આક્ષેપ સાથે બે શખ્સો સામે ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ છે. આ અંગે યુવતીએ નીંગાળા-૨ ગામે રહેતા પ્રદિપભાઈ મનસુખભાઈ વણઝારા તથા મનસુખભાઈ વાઘાભાઈ વણઝારા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત મુજબ, પ્રદિપભાઈ વણઝારાને યુવતીની બહેન સાથે અગાઉ પ્રેમસંબંધ હતો. જોકે, બહેનના લગ્ન અન્ય જગ્યાએ થઈ ગયા હોવા છતાં આરોપીએ આ બાબતની અદાવત રાખી હતી. આ અદાવતમાં આરોપીઓએ યુવતીના પિતાને ફોન કરી બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આરોપીની હિંમત એટલી વધી ગઈ હતી કે, જ્યારે ફરિયાદી યુવતી રાજુલા કોલેજ જવા માટે બસમાં જતી હતી, ત્યારે આરોપી તેની પાછળ બસમાં ચડ્યો હતો. ચાલુ બસમાં યુવતીની બાજુની સીટમાં બેસીને આરોપીએ તેનો હાથ પકડી લીધો હતો અને શારીરિક અડપલા કરી છેડતી કરી હતી. યુવતીના આક્ષેપ મુજબ, આરોપીએ તેની પાસે જાતીય માંગણી કરી શારીરિક સંબંધ બાંધવા માટે બિભત્સ ઈશારા કર્યા હતા. એટલું જ નહીં, જો યુવતી તેની વાત ન માને તો તેને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી પણ આપી હતી.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

### રાજકોટ

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૫૫૫ | ૧૭૯૫ |
| ઘઉં લોકવન | ૪૩૩ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૪૪૨ | ૬૦૫ |
| જુવાર સફેદ | ૭૭૦ | ૯૩૫ |
| જુવાર લાલ | ૮૦૦ | ૯૭૬ |
| જુવાર પીળી | ૪૨૫ | ૪૭૫ |
| તુવેર | ૧૩૪૦ | ૧૫૨૩ |
| ચણા પીળા | ૯૩૫ | ૧૦૬૧ |
| ચણા સફેદ | ૧૧૫૧ | ૧૮૨૫ |
| અડદ | ૧૨૮૦ | ૧૬૪૦ |
| મગ | ૯૦૦ | ૧૬૨૫ |
| વાલ દેશી | ૭૯૦ | ૧૧૫૦ |
| ચોળી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૬૫૦ | ૧૧૦૧ |
| રાજમા | ૭૦૦ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૧૮૬૦ | ૧૯૩૧ |
| મગફળી જાડી | ૧૩૦૦ | ૧૫૨૫ |
| મગફળી જીણી | ૧૩૩૦ | ૧૬૭૧ |
| તલી | ૧૭૦૦ | ૨૦૪૦ |
| સુરજમુખી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૨૫૫ |
| અજમો | ૧૫૦૦ | ૨૪૮૬ |
| સુવા | ૧૧૦૧ | ૧૫૨૮ |
| સોયાબીન | ૭૩૦ | ૧૦૮૦ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૭૭૫ |
| કાળા તલ | ૩૩૦૦ | ૪૦૨૦ |
| લસણ | ૭૭૫ | ૧૫૧૫ |
| ધાણા | ૨૨૫૦ | ૨૫૨૫ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૨૦૦ |
| ધાણી | ૨૩૦૦ | ૨૬૧૦ |
| વરીયાળી | ૧૫૦૦ | ૨૭૫૫ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૧૧૬ |
| રાય | ૧૧૧૦ | ૧૪૭૦ |
| મેથી | ૧૧૫૦ | ૧૭૩૦ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૧૭૦૦ |
| અશેરીયો | ૮૭૫ | ૮૭૫ |
| કલોંજી | ૨૬૦૦ | ૩૩૫૦ |
| રાયડો | ૯૦૦ | ૧૨૦૫ |

### રાજકોટ (શાકભાજી)

| | | |
|---|---|---|
| કેરી કાચી | ૩૨૯ | ૬૨૧ |
| લીંબુ | ૧૮૦૮ | ૩૬૧૦ |
| સાકરટેટી | ૧૫૨ | ૩૦૦ |
| તરબુચ | ૧૦૨ | ૨૫૬ |
| પપૈયા | ૮૮ | ૧૭૧ |
| બટેટા | ૯૩ | ૨૫૪ |
| ડુંગળી સુકી | ૪૧ | ૨૬૧ |
| ટમેટા | ૧૬૪ | ૩૨૫ |
| સુરણ | ૮૦૬ | ૧૦૨૨ |
| કોથમરી | ૨૧૧ | ૪૦૧ |
| મુળા | ૪૧૪ | ૫૮૮ |
| રીંગણા | ૧૨૮ | ૨૪૨ |
| કોબીજ | ૫૯ | ૧૧૮ |
| ફ્લાવર | ૨૩૨ | ૩૪૭ |
| ભીંડો | ૨૬૧ | ૫૦૨ |
| ગુવાર | ૫૪૯ | ૭૬૪ |
| ચોળાસીંગ | ૫૮૯ | ૮૨૫ |
| ટીંડોળા | ૨૯૬ | ૬૦૩ |
| દુધી | ૮૯ | ૧૮૪ |
| કારેલા | ૩૭૯ | ૫૬૨ |
| સરગવો | ૨૭૯ | ૫૬૬ |
| તુરીયા | ૩૭૨ | ૬૦૪ |
| પરવર | ૬૧૯ | ૮૩૫ |
| કાકડી | ૨૧૧ | ૪૦૯ |
| ગાજર | ૨૧૫ | ૪૨૯ |
| વટાણા | ૧૨૪૨ | ૧૬૨૩ |
| ગલકા | ૨૦૩ | ૩૫૨ |
| બીટ | ૮૩ | ૧૭૧ |
| મેથી | ૨૯૬ | ૫૦૧ |
| ડુંગળી લીલી | ૧૫૮ | ૨૬૨ |
| આદુ | ૮૬૮ | ૧૦૧૨ |
| મરચા લીલા | ૩૬૮ | ૫૯૧ |
| મકાઇ લીલી | ૧૬૨ | ૨૬૮ |
| ગુંદા | ૨૬૯ | ૪૬૧ |

### ગોંડલ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૭૮૧ |
| મગફળી જીણી | ૧૨૨૬ | ૧૪૮૧ |
| સિંગદાણા જાડા | ૧૬૩૧ | ૧૭૯૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૮૫૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૭૧ |
| જીરૂ | ૨૭૦૧ | ૪૨૯૧ |
| વરીયાળી | ૨૦૦૧ | ૨૦૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૮૦૧ | ૯૦૦૧ |
| ડુંગળી લાલ | ૨૬ | ૨૩૬ |
| અડદ | ૪૨૬ | ૧૬૦૧ |
| તુવેર | ૮૦૧ | ૧૫૮૧ |
| રાજગરો | ૪૫૧ | ૪૫૧ |
| રાયડો | ૮૦૧ | ૧૧૬૧ |
| રાય | ૧૦૭૧ | ૧૩૪૧ |
| મેથી | ૮૦૧ | ૧૩૬૧ |
| કાંગ | ૪૦૧ | ૬૪૧ |
| મરચા | ૧૯૦૧ | ૬૦૦૧ |
| મગફળી જાડી | ૧૧૦૧ | ૧૫૮૧ |
| સફેદ ચણા | ૧૦૦૧ | ૧૭૭૧ |
| મગફળી ૬૬ | ૧૨૪૬ | ૧૨૫૧ |
| તલ - તલી | ૧૨૩૧ | ૨૦૫૧ |
| મરચા સૂકા ઘોલર | ૩૫૦૧ | ૧૦૦૦૧ |
| ડુંગળી સફેદ | ૧૭૨ | ૨૧૮ |
| બાજરો | ૩૦૧ | ૪૪૧ |
| જુવાર | ૫૦૧ | ૮૮૧ |
| મકાઇ | ૩૦૧ | ૪૦૧ |
| મગ | ૭૫૧ | ૧૬૧૧ |
| ચણા | ૯૫૧ | ૧૦૭૧ |
| વાલ | ૭૦૧ | ૧૧૯૧ |
| વાલ પાપડી | ૪૦૧ | ૫૦૧ |
| ચોળા / ચોળી | ૨૨૬ | ૮૮૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૦૮૧ |
| ગોગળી | ૧૨૦૦ | ૧૩૪૧ |
| વટાણા | ૬૨૬ | ૧૦૨૧ |

### ગોંડલ (શાકભાજી)

| | | |
|---|---|---|
| ટમેટા | ૧૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૧૦૦ | ૬૦૦ |
| કોબી | ૪૦ | ૨૦૦ |
| દુધી | ૨૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૫૦૦ |
| કાકડી | ૪૦ | ૪૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૪૦ | ૬૦૦ |
| ગલકા | ૬૦ | ૪૦૦ |
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| વાલ | ૨૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૨૦૦ | ૨૨૦૦ |
| શક્કરીયા | ૧૦૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૮ |
| તાંજરીયા પુરા | ૪ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| ચ્રૂણ | ૭૦૦ | ૮૦૦ |
| ગુંદા | ૨૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૨૦૦ |
| મેથી પુરા | ૩ | ૯ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૫ |
| ચોરા | ૧૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૨૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૧૦૦ |
| ફણશી | ૧૪૦૦ | ૨૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૬૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૩ | ૪ |
| પાલક પુરા | ૩ | ૬ |

### અમરેલી

| | | |
|---|---|---|
| શિંગ ગીરનાર | ૧૪૫૫ | ૧૪૫૫ |
| શિંગ મોટી | ૧૧૨૦ | ૧૫૦૫ |
| શિંગ દાણા | ૧૭૫૫ | ૧૮૨૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૪૦ | ૧૮૮૫ |
| તલ સફેદ | ૧૪૩૦ | ૨૩૧૦ |
| તલ કાળા | ૧૭૭૦ | ૩૫૦૦ |
| બાજરો | ૨૯૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૭૨૦ |
| ઘઉં લોકવન | ૩૭૫ | ૫૦૦ |
| ચણા | ૮૮૦ | ૧૦૮૫ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૧૯૦ |
| છોલે ચણા | ૧૧૦૫ | ૧૫૪૫ |
| તુવેર | ૮૦૦ | ૧૪૭૦ |
| કપાસ | ૯૯૦ | ૧૮૨૫ |
| એરંડા | ૧૦૮૫ | ૧૨૩૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૦૪૫ |
| રાયડો | ૧૦૧૫ | ૧૦૯૦ |
| રાય | ૧૨૫૦ | ૧૩૪૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૯૧૫ | ૩૧૦૦ |
| મેથી | ૧૦૯૫ | ૩૧૦૦ |
| મરચા લાંબા | ૧૫૦૦ | ૫૬૦૦ |

### અમરેલી (શાકભાજી)

| | | |
|---|---|---|
| બટેટા | ૧૫૦ | ૨૪૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૪૫૦ |
| કોબીજ | ૧૪૦ | ૨૦૦ |
| શક્કરિયા | ૪૦૦ | ૪૮૦ |
| ટમેટા | ૪૦૦ | ૫૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૩૨૦ | ૪૦૦ |
| દૂધી | ૧૦૦ | ૧૩૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૧૦૦ | ૧૫૦ |
| ગુંદા | ૪૦૦ | ૫૫૦ |
| કાકડી | ૨૪૦ | ૩૬૦ |
| ગુવાર | ૪૩૦ | ૬૫૦ |
| કાચી કેરી | ૬૦૦ | ૯૦૦ |
| વટાણા | ૧૯૦૦ | ૨૦૦૦ |
| ચોળા લીલાં | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ |
| પાકી કેરી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| ગરમર | ૭૦૦ | ૮૫૦ |
| ભીંડો | ૪૫૦ | ૫૩૦ |
| આદુ | ૧૧૬૦ | ૧૨૭૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૪૫૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૭૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| સરગવો | ૩૨૦ | ૪૩૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૨૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૨૦ |
| લસણ લીલું | ૧૪૫૦ | ૧૬૩૦ |
| લસણ સૂકું | ૧૦૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૩૦૦૦ | ૩૫૦૦ |
| મકાઇ | ૨૨૦ | ૩૦૦ |

### બાબરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૬૦૦ | ૧૮૦૭ |
| કપાસ મીડીયમ | ૧૪૪૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૪૫ | ૧૪૬૫ |
| જીરૂ | ૩૩૩૦ | ૪૦૫૦ |
| ચણા | ૧૦૨૮ | ૧૦૫૨ |
| ઘઉં | ૪૭૫ | ૫૨૫ |
| ધાણા | ૧૫૩૫ | ૨૪૭૫ |
| તુવેર | ૧૨૨૫ | ૧૪૨૫ |

### ધારી

| | | |
|---|---|---|
| મગફળી | ૧૧૬૫ | ૧૩૮૫ |
| ઘઉં | ૪૨૪ | ૪૪૧ |
| ચણા | ૯૪૫ | ૧૦૪૧ |
| સફેદ ચણા | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ધાણા | ૨૦૪૦ | ૨૬૦૦ |
| તુવેર | ૧૨૮૧ | ૧૪૮૭ |
| કલોંજી | ૨૭૫૦ | ૨૭૫૦ |
| એરંડા | ૧૦૦૫ | ૧૧૯૫ |
| શીંગ ફાડા | ૧૭૨૦ | ૧૭૨૦ |
| મકાઈ | ૩૫૫ | ૩૫૫ |
| રાઈ | ૧૨૫૦ | ૧૨૬૫ |
| સોયાબીન | ૯૪૦ | ૧૦૧૦ |

### કોડીનાર

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૨૫ | ૧૩૭૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૪૦ | ૫૮૬ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૫૨ |
| ઘઉં | ૪૦૦ | ૪૬૨ |
| રાય | ૧૦૮૦ | ૧૨૫૦ |
| રાયડો | ૯૦૦ | ૧૦૪૮ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૫૧૨ |
| જુવાર | ૭૦૦ | ૧૧૧૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૭૦ |
| મગ | ૧૩૦૦ | ૧૭૫૦ |
| ચણા | ૯૪૦ | ૧૦૩૨ |
| સોયાબીન | ૯૨૫ | ૧૦૪૨ |
| ધાણા | ૧૨૫૦ | ૨૦૨૦ |
| કાંગ | ૪૫૦ | ૫૦૦ |

### બગસરા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૦ | ૧૬૪૮ |
| ઘઉં લોકવન | ૩૮૧ | ૪૫૬ |
| ઘઉં ટુકડા | ૪૧૦ | ૫૦૧ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૨ |
| ધાણા | ૧૬૦૦ | ૨૨૦૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૪૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૨૫ |
| મગફળી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| મેથી | ૯૦૦ | ૧૧૩૫ |
| સોયાબીન | ૧૦૧૪ | ૧૦૧૪ |
| એરંડી | ૧૧૪૫ | ૧૧૪૫ |
| લસણ | ૫૨૫ | ૫૨૫ |
| શીંગદાણા | ૧૫૪૦ | ૧૫૪૦ |

### ભેંસાણ

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૭૯૬ |
| ઘઉં | ૪૦૧ | ૪૭૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૧ |
| તુવેર | ૭૫૧ | ૧૪૮૬ |
| મગફળી | ૧૦૫૦ | ૧૩૯૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૨૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૧૮૦૧ |
| મેથી | ૭૦૧ | ૧૧૦૧ |
| ધાણા | ૧૨૦૧ | ૨૩૯૬ |
| લસણ | ૨૦૧ | ૭૩૧ |
| સોયાબીન | ૭૦૧ | ૧૦૬૬ |

### સાવરકુંડલા

| | | |
|---|---|---|
| શિંગ-જીણી | ૧૩૪૫ | ૧૪૦૦ |
| શિંગ મોટી | ૧૩૮૦ | ૧૪૫૧ |
| શિંગ નવી | ૧૩૪૭ | --- |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૦૫ |
| તલ કાળા | ૩૨૫૦ | ૩૮૭૦ |
| જીરૂ | ૩૩૦૦ | ૪૧૦૧ |
| કપાસ | ૧૫૨૫ | ૧૮૩૦ |
| ઘઉં લોકવન | ૪૨૫ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૬૦ |
| બાજરા | ૪૫૦ | ૫૫૫ |
| જુવાર | ૬૦૦ | ૯૩૦ |
| મકાઈ | --- | ૪૮૦ |
| અડદ | ૭૧૧ | ૯૫૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૭૦ |
| દેશી ચણા | ૧૦૨૦ | ૧૦૮૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૫૧૧ |
| એરંડી | ૧૧૨૫ | ૧૨૩૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૩૦ |
| રાય/રાયડો | ૮૦૦ | ૧૩૦૦ |
| ધાણા | ૧૫૦૦ | ૨૨૫૦ |
| કલોજી | ૨૫૫૦ | ૩૦૫૧ |

### જામનગર

| | | |
|---|---|---|
| જુવાર | ૭૫૦ | ૮૨૦ |
| બાજરો | ૪૨૫ | ૬૨૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૩ |
| અડદ | ૯૦૦ | ૧૫૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળી | ૮૦૦ | ૮૫૦ |
| મેથી | ૬૪૦ | ૧૪૪૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૯૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૪૩૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૨૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૨૩૫ |
| રાય | ૧૧૦૦ | ૧૪૭૦ |
| લસણ | ૮૨૫ | ૧૫૨૦ |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૯૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૪૦૪૦ |
| અજમો | ૨૦૦૦ | ૩૯૦૫ |
| અજમાની ભુસી | ૫૦ | ૨૫૯૦ |
| ધાણા | ૧૮૦૦ | ૨૪૧૦ |
| મરચા | ૨૧૦૦ | ૫૭૫૦ |
| ડુંગળી | ૩૦ | ૧૫૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૯૬ |
| વટાણા | ૫૮૦ | ૯૨૦ |
| કલોજી | ૧૦૦૦ | ૩૧૯૦ |

### મહુવા

| | | |
|---|---|---|
| એરંડા | ૧૦૫૦ | ૧૧૮૦ |
| જુવાર | ૨૯૨ | ૬૯૧ |
| બાજરી | ૩૩૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૩૫૦ | ૬૦૦ |
| અજમા | ૯૪૦ | ૧૪૦૦ |
| મગ | ૪૦૦ | ૧૬૯૬ |
| મેથી | ૧૦૦૧ | ૧૨૨૫ |
| ચણા | ૯૨૮ | ૧૦૫૫ |
| તલ સફેદ | ૧૭૪૦ | ૨૩૩૬ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૭૫૪ |
| તુવેર | ૧૧૮૦ | ૧૪૪૦ |
| રાય | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ડુંગળી લાલ | ૫૦ | ૨૮૯ |
| ડુંગળી સફેદ | ૧૬૫ | ૨૪૪ |
| નાળીયેર | ૫૦૨ | ૨૦૪૦ |

### ખાંભા

| | | |
|---|---|---|
| કપાસ | ૧૫૫૧ | ૧૮૧૧ |
| મગફળી | ૧૨૧૬ | ૧૨૨૧ |
| ચણા | ૧૦૪૫ | ૧૦૫૦ |
| સોયાબીન | ૯૯૬ | ૯૯૬ |
| ધાણા | ૧૫૬૦ | ૧૮૭૫ |
| ઘઉં | ૪૨૦ | ૪૨૦ |
| બાજરો | ૪૦૦ | ૫૫૦ |
| રાય | ૮૫૧ | ૮૫૧ |

### રાજુલા

| | | |
|---|---|---|
| શીંગ | ૧૦૦૦ | ૧૨૫૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૭૦૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| બાજરો | ૨૭૫ | ૫૨૮ |
| ઘઉં ટુકડા | ૩૫૯ | ૪૭૦ |
| જુવાર | ૩૮૦ | ૯૫૦ |
| મકાઈ | ૪૩૩ | ૪૩૩ |
| મગ | ૬૫૦ | ૧૧૦૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૯૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૪૫ |
| જીરૂ | ૩૩૦૦ | ૩૩૦૦ |
| એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૨૬૦૧ | ૨૬૦૧ |
| મેથી | ૧૧૫૦ | ૧૧૯૦ |
| સોયાબીન | ૯૦૦ | ૧૦૦૦ |
| રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |

## 'ઓ નિગાહે મસ્તાના' ગીતને માત્ર ગણગણાટથી મધુર બનાવી શકે એ આશા !

**વિચાર વલોણું**



જયવંત પંડ્યા

'ગરમ બટાટાવડા ચાય...' ટ્રેનમાં ફેરિયા જે રીતે બૂમ પાડે તેવી સ્ટાઈલમાં આશાએ બૂમ પાડી કહ્યું હતું, 'ટ્રેનમાં જો તમે મુસાફરી નથી કરી તો કંઈ નથી કર્યું'. ગાયિકા ન બન્યાં હોત તો આશા ભોસલે સારાં મિમિક્રી આર્ટિસ્ટ બની શક્યાં હોત.



આશા ભોસલે. મસ્તી અને માધુર્યનું મજેદાર મિશ્રણ ! ઉછાંછળાપણું નહીં, બિનજરૂરી ગંભીરતા પણ નહીં. ગત ૧૨ એપ્રિલે ઈહ લોક છોડી સૂર અને સુર, બંને આમ તો એક જ, એ લોકમાં ચાલ્યા ગયેલાં આશા ભોસલે નવ વર્ષનાં હતાં ત્યારે પિતાજી પંડિત દીનાનાથ મંગેશકરનું દેહાવસાન થયું હતું. હવે પિતાજી ગણો કે ઘરનાં વડીલ, જે ગણો તે, કડક મિજાજનાં લતા મંગેશકર હતાં કારણકે તેમને પણ બહુ નાની વયે આ ભૂમિકા ભજવવાની હતી અને પરિવારમાં ગુજરાતી શેવંતીબહેન (લગ્ન પછી સુધામતી) માતા ઉપરાંત તેમના સહિત ચાર બહેનો અને એક ભાઈ હતાં.

૧૯૪૩માં મોટી બહેન લતા મંગેશકરે કારકિર્દી શરૂ કરી તેમની સાથે જ, મરાઠી ફિલ્મ 'માઝં બાળ'માં 'ચલા ચલ નાવ બાળા ગાઈને કેવળ દસ વર્ષની વયે કારકિર્દી શરૂ કરી હતી. આ ગીતમાં મુખ્ય ગાયિકા લતા હતાં, આશા કૉરસમાં !

આઠ દાયકા સુધી કામ કર્યું. તેમણે ૧૨,૦૦૦થી વધુ ગીતો અનેક ભારતીય ભાષાઓમાં ગાયાં હતાં. તેમનું ગ્રામી એવોર્ડ માટે બે વાર નામાંકન થયું હતું. તેમને દાદાસાહેબ ફાળકે એવોર્ડ મળ્યો હતો. તેઓ પદ્મ વિભૂષણથી પણ સન્માનિત થયાં હતાં.

મોટા બહેન કેબ્રે ગીતો ગાવાનાં વિરોધી હતાં પણ નટખટ આશાએ કેબ્રે અને પશ્ચિમી છાંટવાળા ગીતો ગાયાં. પણ તેમણે આજની અનેક ગાયિકાઓની જેમ અંગ પ્રદર્શનવાળા પોશાકને મહત્ત્વ ન આપ્યું. સદા સાડી, બકલ નાખી છૂટા વાળ, હાથમાં બંગડીની સેર લટકતી હોય, તે તેમનો બાહ્ય દેખાવ. આ લેખમાં આપણે આશાજીના અંગત મોટા ભાગે દુઃખી જીવનની વાત નથી કરવી. તેમના લતાજી સાથેના સંબંધો, લગ્ન અને પ્રેમજીવનમાં કડવાશ, સંગીતકાર દીકરા હેમંત ભોસલે અને કૉલમિસ્ટ દીકરી વર્ષાનું મૃત્યુ જોયું વગેરેને બાજુએ મૂકી તેમનાં ગીતોની જ વાત કરીએ.

શરૂઆતમાં જેમ લતા મંગેશકરે નૂરજહાંની છાયામાં ગીતો ગાયાં તેમ આશાએ પણ ગીતા દત્ત અને શમશાદ બેગમના પ્રભાવમાં નાકમાંથી ગીતો ગાયાં. ૧૯૫૩ની 'લૈલા મજનુ'નું ગીત 'મેરે સરકાર તેરે' સાંભળજો.

લતાને મુખ્ય નાયિકા પાછળ ગીતો મળતાં થયાં ત્યારે આશાના ભાગે ફિલ્મનું એકાદ ગીત આવતું જે ખલનાયિકા પાછળ રહેતું. દા. ત. 'શ્રી ૪૨૦'નું નાદિરાની પાછળ ગાયેલું 'મૂડ મૂડ કે ના દેખ'.

કેટલીક સુંદર ભૂલો કેવું સરસ પરિણામ લાવે છે તે જુઓ. 'બાપ રે બાપ'ના 'પિયા પિયા મોરા જિયા પુકારે' ગીત વખતે કિશોરકુમારની કડી આવે છે 'યે ઋત મનભાતીતેમાં વચ્ચે હીરોઈન ચાંદ ઉસ્માની આલાપ ગાઈ ઊઠે છે ને તરત કિશોરદા તેના મોંઢા પર હાથ મૂકી દે છે, તે ખરેખર તો આશાની ભૂલ હતી. રેકૉર્ડિંગ વખતે આશાએ સંકેત પણ કર્યો કે કટ કરો પણ કિશોરદા એ સામે સંકેત કર્યો કે રહેવા દેજો. પછી કહ્યું કે ફિલ્મનો હીરો હું જ છું તો શૂટિંગ વખતે હીરોઈનના મોઢા પર હાથ મૂકી દઈશ.

'પેઈંગ ગેસ્ટ' નું 'ઓ નિગાહે મસ્તાના' એવું ગીત હતું જેમાં આશાજીએ માત્ર ગણગણાટ એટલે કે હમિંગ જ કર્યું હતું. આશાજીની જગ્યાએ બીજી કોઈ એવી સફળ ગાયિકા આ રીતે ગણગણાટ કરવા તૈયાર થાય? પણ હવે બીજી રીતે વિચારો. એ ગીત આશાજીના ગણગણાટ વગર અધૂરું ન હોત?

એટલે એકબીજાનો અહંકાર નહોતો નડતો. આશાજીને 'ઓ નિગાહે મસ્તાના'માં માત્ર ગણગણાટ કરવામાં, તો કિશોરદાને આશાજીની ભૂલ પડદા પર સુધારી લેવામાં કોઈ અહંકાર નહોતો.

કિશોરકુમારને એ ભગવાન જેવા માનતા હતા. પણ ભગવાન પર પણ ગુસ્સો આવે ને? કિશોરદાએ જે રીતે પાન ચાવવાના અવાજ સાથે અને થૂકવાના અવાજ સાથે 'ખઈ કે પાન બનારસવાલા' ગાયું તે આશાજીને પસંદ ન પડ્યું અને તેઓ એ ગીત વખતે ફિલ્મ અધૂરી છોડી થિએટરમાંથી ચાલ્યાં ગયાં હતાં.

કિશોરકુમાર સાથે આશાજીનાં સૂરીલાં અને મસ્તીભર્યાં ગીતોની લાંબી લાઈન છે, જેમ કે 'એક મૈં ઔર એક તૂ', 'જાને જાં ઢૂંઢતા ફિર રહા', 'તૂ તૂ હૈ વો હી', 'આજ રપટ જાયે' (તેમાં કિશોર કરતાંય આશા ચડીયાતા છે. 'બાદલ સે છમ છમ શરાબ બરસે'માં 'બરસે' સાંભળજો. રફી ખૂબ સજ્જન હતા પણ આશાજીના કહેવા પ્રમાણે આશા તાન લે તો ખિજાઈ ગયા હતા કે આવું નહીં ચાલે (મારાથી સરસ ગાયું?). રફીના ચાહકોએ વાંધો મારી સામે નહીં, લેવો હોય તો સ્વ. આશા સામે લેવો, તેમણે આ કહ્યું છે.

૧૯૫૭માં સંગીતકાર ઓ. પી. નય્યરે 'નયા દૌર'થી આશા ભોસલેનો નવો દૌર લાવ્યો. અત્યાર સુધી ફિલ્મોમાં મુખ્ય ગાયિકા લતા જ રહેતા. ઓ. પી.ની જ અગાઉની ફિલ્મોમાં (જેમ કે સી. આઈ. ડી.) ગીતા દત્ત અને શમસાદ બેગમ પણ હતાં, પરંતુ 'નયા દૌર'માં આશા ભોસલે પાસે 'ઊડે જબ જબ ઝુલ્ફેં તેરી', 'રેશમી સલવાર કુર્તા જાલી કા', 'માંગ કે સાથ તુમ્હારા', 'સાથી હાથ બઢાના' જેવા એક-એકથી ચડિયાતાં ગીતો ગવડાવ્યાં. તો હવે એસ. ડી. પણ વ્હારે આવ્યા. 'પેઈંગ ગેસ્ટ'માં બે ગીતો લતાનાં હતાં, તો બે ગીતો આશાનાં, તે પણ નાયિકા નૂતન પાછળ, અને તે પણ ડાન્સ ટાઈપ નહીં, પ્રણય ગીત.

૧૯૫૭ની 'આશા'થી તો આશા ભોસલેએ ધૂમ મચાવી. 'ઈના મીના ડીકા' જેવું ધમાલભર્યું ગીત કિશોર અને આશાએ બંનેએ એકલાં ગાયું. તો 'ચલતી કા નામ ગાડી'માં 'પાંચ રૂપૈયા બારહ આના', 'હાલ કૈસા હૈ જનાબ કા' જેવાં મસ્તીભર્યાં ગીતો ગાયાં. 'હાવરા બ્રિજ'નું 'આઈયે મેહરબાન' ઑલ ટાઈમ ફેવરિટ બની રહ્યું છે. 'દિલ્હી કા ઠગ'નું 'સી એ ટી કેટ' ગીત મસ્તીભર્યું હતું તો 'યે રાતેં યે મૌસમ' ગીત આજેય પ્રણય ગીતોમાં શિરમોર છે. (તેના પરથી વિધુ વિનોદ ચોપડાની ફિલ્મ 'કરીબ'માં 'ચોરી ચોરી જબ નઝરેં મિલી' બન્યું હતું.)

તાજેતરમાં 'ધૂરંધર'માં જે ગીતનું સુંદર રિમિક્સ કરાયું છે તે મૂળે 'બરસાત કી રાત'ની કવ્વાલી છે- 'ના તો કારવાં કી તલાશ હૈ'. (કવ્વાલીની વાત નીકળી છે તો આશાજીનાં કવ્વાલી ગીતો પર પણ નજર કરી લઈએ. 'નિગાહેં મિલાને કો જી ચાહતા હૈ', 'હૈ અગર દુશ્મન ઝમાના', 'પલ દો પલ કા સાથ હમારા', 'રાઝ કી બાત કહ દૂં તો'.) ૧૯૬૦ની 'કાલા બાઝાર'માં 'સાંજ ઢલી દિલ કી લગી'માં આશા જે રીતે 'જા જા જા જા જા તૂ જા'ને લાડ લડાવે છે તે કાન દઈને આંખ બંધ કરીને સાંભળજો. (આવું જ આશાના કંઠના ચમત્કારવાળું ગીત 'સનમ તેરી કસમ'નું 'જાને જાં ઓ મેરે જાને જાં' છે !) જેમ ઓ. પી. નય્યરે 'નયા દૌર'થી આશા ભોસલેને એક્સ્ક્લુઝિવ પસંદ કર્યા, તેમ બી. આર. ચોપડાની સંગીતકાર રવિની ફિલ્મોમાં પણ આશા એક્સ્ક્લુઝિવ રહેતાં. તે પછી ૧૯૬૬ની 'તીસરી મંઝીલ'થી રાહુલદેવ બર્મન (આર. ડી.)ની પણ પસંદગી આશા બની ગયા. જોકે આર. ડી.એ આશા સાથે અનેક વૈવિધ્યસભર ગીતો આપ્યાં પણ ઓ. પી. નય્યર-રવિની જેમ એક્સ્ક્લુઝિવલી આશાને જ લેતાં તેવું નહીં. ૧૯૮૧માં 'ઉમરાવ જાન'થી આશાએ ગઝલો ગાઈ પોતાની નવી રેન્જ (જે હતી જ પરંતુ અત્યાર સુધી તક નહોતી મળી) બતાવી.

બી. આર. ઈશારાએ તેમને સંગીતકાર બનવા કહ્યું હતું પણ તેમણે સવિનય ના પાડી દીધી હતી. જોકે ૨૦૦૨માં તેમણે 'આપ કી આશા' આલબમ માટે મઝરૂહનાં ગીતોને સંગીતબધ્ધ કર્યાં હતાં. 'ન મરતે હમ તો ક્યા કરતે'(આશીષ ચૌધરી, દિયા મિર્ઝા) જેવાં ગીતો અને વિડિયો લોકપ્રિય થયો હતો.

આશાજીનાં ગીતો એટલા સદા બહાર છે કે અડધી સદી પછી પણ લોકોને 'દમ મારો દમ', 'જાને જાં ઢૂંઢતા ફિર રહા', 'દુનિયા મેં લોગો કો ધોકા કભી હો જાતા હૈ', 'પિયા તૂ અબ તો આજા' ગમે છે.

તેમનાં ગીતોમાં અભિનય રહેતો હતો. 'છોડ દો આંચલ ઝમાના ક્યા કહેગા'માં આશાજી છોડ જે રીતે ગાય છે તેમાં વિનંતી પણ છે, અને છૂપી અનુમતિ પણ છે, ડર એ જ છે કે ઝમાના ક્યા કહેગા, બાકી કોઈ વાંધો નથી. તેમનાં ગીતોમાં સંવાદ અને હાસ્ય, રુદન એમ ભાવના બધા જ રંગો જોવા મળતા. દા. ત. 'આપ કે કમરે મેં કોઈ રેહતા હૈ' (યાદોં કી બારાત)માં કિશોરદા બોલે, 'હે યૂ, લાલ કપડોવાલી મેમસાબ,' અને આશા બોલે, 'કૌન મેં?', કિશોરઃ 'હાં, આપ હી સે કેહ રહા હું,યહાં આયેગી આપ?', 'ક્યા નામ હૈ આપ કા?' 'મેરા નામ? સુનિતા.' 'લવલી નેમ. ગાયેગી આપ મેરે સાથ?' સંકોચ અને લજ્જા સાથે,'ના. ડર લગતા હૈ'. 'ડરને કી ક્યા બાત હૈ? મૈં આપ કે સાથ ગાતા હૂં' અને પછી ગિટાર પર તાર છેડાય અને કિશોરદા 'લા લા લા' કરે જેને આશા દોહરાવે, પછી પૂછે, 'ઠીક હૈ?' અને કિશોરદા કહે, 'હાં' અને કિશોરદા (પડદા પર તારીક હુસૈન) કહે, 'બોલો મેં ગાઓ' (શબ્દ સાથે ગા) અને પછી આશાજી મૂળ રંગમાં આવી ગાય.

અને એ જ આશાજી માત્ર સંવાદ સાથે 'કટી પતંગ' ફિલ્મમાં આશા પારેખના પાત્ર મધુ માટે તેની મૂળ ઓળખ જાહેર કરી દેવાનો એક ભય ઊભો કરનારું ગીત પણ ગાય ! 'મેરા નામ હૈ શબનમ' એ ગીત તુમ્હારા કુછ સામાન મેરે પાસ પડા હૈ' નું પૂરોગામી હતું. 'મેરા નામ શબનમ'માં, આમ જુઓ તો, માત્ર વાક્યો જ હતાં.

'કારવાં'માં 'દય્યા રે દય્યા મૈં કહાં આ ફંસી, પાપે બચા લો તૂ સી' જેવું હાસ્ય ગીત પણ ગાયું. આ ગીતમાં તેમની રેન્જ અદ્ભુત છે.

તેમની કારકિર્દીના ઉત્તરાર્ધમાં પણ કેવાં-કેવાં હિટ ગીતો આપેલાં, જુઓ તો ખરા.

૧. ચૈન આપ કો મિલા, મુઝે તો દીવાનગી મિલી - નવાઈ લાગશે પણ 'હંગામા'માં સાધના સરગમ અને શાને ગાયેલા આ જ અદ્ભુત ડાન્સ ગીતને એસ. પી. બાલાસુબ્રમણિયમ અને આશા ભોસલેએ ૨૦૦૩માં જ આવેલી 'ફૂટપાથ' ફિલ્મ માટે ગાયું છે પરંતુ બંનેમાં પરિસ્થિતિ અલગ છે.

૨. ઐસી આંખે નહીં દેખી - '૯૦ના દાયકા અને ૨૦૦૦ના દાયકાના પહેલાં પાંચ વર્ષમાં શુધ્ધ પ્રણયની સૂરીલી ફિલ્મો બનતી હતી, ટી સીરિઝ આજની જેમ જૂનાં ગીતોનાં રિમિક્સ અને પંજાબી - ઉર્દૂ શબ્દોનાં ગીતો નહોતી બનાવડાવતી ત્યારે નિખિલ - વિનયના સંગીતમાં જગજીતસિંહ અને આશા ભોસલેએ ગાયેલું આ અદ્ભુત ગીત વિડિયો સાથે માણવા જેવું છે.

૩. લહેરા કે બલખા કે આગ લગા કેપશરારા શરારા - મેરે યાર કી શાદી હૈમાં શમિતા શેટ્ટી પાછળ ગાયેલું આઈટેમ ગીત.

૪. બચ કે તૂ રહેના રે, ખલ્લાસ (૨૦૦૨માં આવેલી 'કંપની'નું ગીત)

૫. બેકરાર કર ડાલા (પેજ ૩)

૬. હમ નીંદ કા બિઝનેસ કરતે હૈ (સોના સ્પામાં સુદેશ ભોસલે અને આશાજીએ કે. એલ. સાયગલ અને નૂરજહાં સ્ટાઈલમાં ગાયું હતું.)

૭. કહતા હૈ કબૂતર (બેવફા) (આ ગીત '૭૦ના દાયકાના ગીત 'મેરા નામ શબનમ હૈ' જેવું હતું જેમાં આશાજી સંવાદ પણ બોલે છે- પિયા મિયા મિયા પિયા ટૂ મચ કન્ફ્યૂઝન ડાર્લિંગ)

૮. મધુબન મેં જો કન્હૈયા કિસી ગોપી સે મિલે (લગાન)

૯. કહીં આગ લગે લગ જાયે (તાલ)

૧૦. સપને મેં મિલતી હૈ (સત્યા)

૧૧. ઝરા સા ઝૂમ લૂં મૈં (દિલવાલે દુલ્હનિયાં લે જાયેંગે)

બિન ફિલ્મી આલબમો પણ તેમણે કર્યાં. આર. ડી. અને ગુલઝાર સાથે, ૧૯૮૭માં 'દિલ પડોસી હૈ' અને ૧૯૯૫માં ઉસ્તાદ અલી અકબર ખાન સાથે 'લિગેસી'(જેને ગ્રામી એવૉર્ડ નામાંકન પણ મળ્યું હતું) કર્યું હતું. સમય પ્રમાણે પોપ આલ્બમ પણ કર્યા. 'રાહુલ ઍન્ડ આઈ', ૧૯૯૭માં લેસ્લી લુઈસ સાથે 'જાનમ સમઝા કરો' (જેને એ વર્ષનો એમટીવી એવૉર્ડ મળ્યો હતો)


ગઝલગાયક જગજીતસિંહ સાથે વર્ષ ૨૦૦૦માં 'દિલ કહીં હોશ કહીં' પૉપ આલબમ કર્યું જેમાં વિડિયોમાં રિયા સેન બેવડી ભૂમિકામાં હોય છે. ૬૭ વર્ષનાં આશા ભોસલે અને ૧૯ જ વર્ષની રિયા સેન ! વિચારો, વયના ચોથા તબક્કામાં પ્રવેશવાના આરે ઊભેલાં આશાજીએ વયના પ્રથમ જ તબક્કામાં રહેલી યુવતી માટે ગાતી વખતે, જાણે પરકાયા પ્રવેશ કર્યો હશે તો જ, આ પ્રકારનાં રૉમેન્ટિક અથવા ઉદાસીનાં પ્રણય ગીતો મળે ને ! આ આલબમનાં ગીતો 'જબ સામને તુમ આ જાતે હો' અને 'કહીં કહીં સે હર ચેહરા' ખૂબ સુંદર હતાં. 'કહીં કહીં સે' ગીત માટે ઘણાં વર્ષે લતા-આશા બંને સાથે આવ્યાં હતાં. 'જબ સામને તુમ આ જાતે હો'માં જ્યારે 'ક્યા જાનિએ ક્યા હો જાતા હૈ'માં 'ક્યા' જે રીતે આશાજી ગાય છે તે બીજું કોઈ ન ગાઈ શકે.

અદનાન સામી દસ જ વર્ષનો હતો ત્યારે આશાજીએ તેની પ્રતિભા ઓળખી લીધી હતી, તેને સંગીતમાં કારકિર્દી બનાવવા કહ્યું હતું. વર્ષ ૨૦૦૦માં ૬૭ વર્ષે, આશાજીએ પોતાનાથી ૩૮ વર્ષ નાના અદનાન સામી સાથે 'કભી તો નઝર મિલાઓ' કર્યું જેના વિડિયોમાં ૨૪ જ વર્ષની અદિતિ ગોવિત્રીકર હતી. 'આશા એન્ડ ફ્રેન્ડ્સ'માં સંજય દત્ત, ઊર્મિલા માતોંડીર સાથે ગાયું અને વિડિયોમાં બ્રેટ લી પોતે પણ હતો. લતા અને આશા માટે અંગ્રેજી અને ઉર્દૂની અણઆવડત સંદર્ભે ટોણા મરાયા, મજાક ઉડાવાઈ પરંતુ એ બંનેએ એમાં પણ નિપુણતા પ્રાપ્ત કરીને દુનિયાને દેખાડી દીધું. ૨૦૦૭માં ઑસ્ટ્રેલિયામાં કાર્યક્રમ કર્યો ત્યારે અંગ્રેજીમાં બોલ્યાં હતાં. લતા અને આશા સંગીતની આશા હતાં. અત્યારે જેવું સંગીત આવે છે તે જોતાં તો એમ જ કહી શકાય કે હવે સંગીતની આશા મરી પરવારી છે.

■ jaywant.pandya@gmail.com

## ચૂંટણી પ્રચાર - "અધર ઈઝ હેલ ?"

**રાજકીય રસધાર**



પ્રવીણ માધાણી

હિન્દુસ્તાનના કોઈપણ ખૂણે કોઈપણ કક્ષાની ચૂંટણીઓ યોજાવાની હોય ત્યારે એક બદબોભરી, એક બીજાના ચરિત્રને કે નીતિઓને વખોડવાની, કાદવ ઉછાળીને એકબીજાને હલકા ચિતરવાની એક ટપલીદાવ જેવી બેશરમ પ્રવૃત્તિ ગલીએ ગલીએ, મહોલ્લે મહોલ્લે, ગામેગામ, દરેક શહેરે શરૂ થાય છે. માઈક્રોફોન પરથી, ટેલીવીઝનની ડીબેટમાં, છાપા ચોપાનીયા અને હવે ઉપરાંતમાં સોશ્યલ મીડિયામાં કર્કશ ગળા ઘસી ઘસીને કહેવામાં આવે છે કે 'અધર ઈઝ હેલ...' સાર્ત્રે કહેલું કે 'બીજો નરક છે.' અને જોસેફ પોલ ગોબેલ્સે કહેલું ' જયારે પણ હું એકાદ યહુદીને જોઉં છું ત્યારે મને ઉબકો આવી જાય છે....'. બીજો શા માટે નરક છે ? કારણ કે એ મારી સાથે નથી, મારા વિચારો સાથે સંમત નથી.મને ગમતો નથી, મારા સમાજ, જ્ઞાતી, સંગઠન કે ખેમાની વિરુધ્ધની નીતિઓ ધરાવે છે, મારા નેતા જેવા તેના વિચારો નથી. આજે પ્રવર્તમાન ગુજરાત કારણમાં આ પ્રકારના માનસ સાથે દરેક રાજકીય પક્ષ, સામાજિક સંગઠન કે જ્ઞાતી આંદોલન મેદાનમાં છે. આજના સોશ્યલ મીડિયા યુગમાં ઘણા બધા સામાજિક સંગઠનો અને અંદોલન સંચાલકો પોતાનો આઈટી સેલ ધરાવે છે. જેના દ્વારા એક બીજા પર ચાંપતી નજર રાખીને સામેવાળાની વાત કે આક્ષેપનો જવાબ એટલી તીવ્રતા અને ઝડપભેર આપાય છે કે ન્યુટન ગતિનો નિયમ થોથવાય જાય. ગોબેલ્સ કહેતો કે એક જુઠ છ વખત બોલો એટલે એ સત્યનું સ્વરૂપ ધારણ કરી લ્યે છે. અહી વાજબી તર્કની, વિચારીક સંતુલનની, સોહાર્દપુર્ણ સહસ્તીત્વ સ્વીકારવાની ગેરહાજરી હોય છે. અને પછી સોશ્યલ મીડિયા, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા પર શરૂ થાય છે લોહીથી લોહી ધોવાની પરંપરાનું વાકયુધ્ધ. આ ઉન્માદમાં એક કોન્વેન્ટિયા અજ્ઞાન વચ્ચે પેદા થયેલી અને ઉછરેલી અને બીજી અભણ રહી ગયા બરાબરનું શિક્ષણ લઈને ગઈકાલે પેદા થઈને આજે બરાબર બપોરે બજારમાં આવેલી સત્વહીન નિર્વીર્ય પ્રજાતિ ગાંધીને ગાળ દેવા જેવડી હિંમત કેળવી લ્યે છે. જયારે નેહરુ વડાપ્રધાન હતા ત્યારે સામા પક્ષે ડો.લોહિયા જેવા તેજાબી નેતા બેસતા. કોઈ વાત કે સંદર્ભે એક વખત નેહરુએ ડો.લોહિયા માટે 'ગુંડો' શબ્દ વાપર્યો. અવિશ્વાસની દરખાસ્તના પોતાના જલદ પ્રવચનમાં સંસદમાં ડો.રામ મનોહર લોહિયા એ કહ્યું, ' મેં ક્યારેય નેહરુ માટે અપશબ્દ વાપર્યો નથી.એણે મને ગુંડો કીધો. મને એમના પર ગુસ્સો નથી, મને એમની દયા ઉપજે છે..' આજે આ વાત અત્યંત સૂચક છે. નાનપણનો એક કિસ્સો અત્યારે ઘણી વખત યાદ આવે છે, વાત છે ૧૯૮૫ની આસપાસની, ચોક્કસ વર્ષ યાદ નથી. ત્યારે જામનગર જીલ્લાના સાંસદ હતા દોલતસિંહ જાડેજા, ક્રિકેટર અજય જાડેજાના પિતાશ્રી. લોકસભાની ચૂંટણીના પ્રચારાર્થે અમારા ગામમાં આવેલા. ત્યારે પ્રચાર આવો આક્રમક અને આધુનિક નહોતો. ભીત પર લખાણો, છાપેલ પતાકાઓ, બિલ્લાઓ જેવું છાપેલ ચૂંટણી સાહિત્ય અને ચોરે બેસીને ઉમેદવાર પોતે ગામને સંબોધે અને પ્રશ્નો પૂછે સમસ્યાઓ જાણે. આવી જ એક ચોરાની સભા દોલતસિંહ સંબોધી રહ્યા હતા મારા ગામમાં. એણે ગામની કોઈ માંગણી હોય, કોઈ પ્રશ્ન હોય તો ગામજનોને પૂછ્યું. એ દાયકો હતો...દુષ્કાળનો દાયકો, સમસ્યાનો દાયકો હતો સૌરાષ્ટ્રના ગામો માટે અસ્તિત્વ ટકાવવાનો પ્રશ્ન હતો. ગામમાં પીવાના પાણીનો કોઈ સ્ત્રોત નહોતો, પશુધન ને બચાવવાની સમસ્યા હતી.સડક વ્યવસ્થા પ્રાથમિક કક્ષાની હતી. વિ. અગણિત પ્રશ્નો હતા. પણ મારા ગામના એક અપ્રસ્થાપિત આગેવાને માંગણી કરી કે ગામમાંથી સીધી અમદાવાદની બસ ચાલુ કરાવો. અમે આઠ દસ વર્ષના નાનડિયા બધા સામે કુતુહલવશ ઉભા હતા. મેં મારા સહાધ્યાયીને પૂછ્યું ' આ અમદાવાદ ક્યાં આવ્યું ?' એણે વધામણી ખાધી 'કાલાવડની બાજુમાં'. ત્યારે એ આગેવાનની માંગણીમાં વાજબીપણું ગેરહાજર હતું. ચૂંટણી વર્ષમાં પ્રજાની માંગણીઓ અને અપેક્ષાઓ બળવતર હોય એ સ્વાભાવિક છે. શાસક અને વિરોધ પક્ષ જાહેરાતો કરીને પ્રજા કે પ્રજાના કોઈ હિસ્સાને રીઝવે એ પણ સ્વાભાવિક છે. કારણ કે પ્રજાના પ્રશ્નો ઉકેલવામાં તુમારશાહીથી ચાલતી સરકાર કે રાજકીય પક્ષો ચૂંટણી સમયે કાર્યપધ્ધતિ બદલીને અચાનક પ્રજાના પ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ, ગતિશીલ બની જતા હોય છે. અહી સુધી બધું સમુસુતરું બરાબર છે, પણ સત્તા ટકાવવાની અને સત્તા મેળવવાની લાલચમાં રાજકીય પક્ષો જ્ઞાતી-જાતિ, લલ્લુ-પંજુ, છગન-મગન કે સમૂહની ઓથે કોઈની રાજકીય મહત્વકાંક્ષાને શરણે થાય એમાં સમગ્ર પ્રજાહિત જોખમાય છે. સામાજિક અને રાજકીય સંતુલન ખોરવાય છે. બળીયાના બે ભાગ, લાઠી તેની ભેંસ ઉક્તિઓ સાર્થક ઠરવા લાગે છે. જે લોકશાહીની તંદુરસ્તી માટે હાનીકારક છે. ભૂતકાળમાં રાજકીય પક્ષોની આવી નીતિઓને લીધે ખામ અને પક્ષ જેવી જ્ઞાતિવાદી વિચારધારાઓ અસ્તિત્વમાં આવી હતી. આ નીતિઓએ ગુજરાતને કેટલું નુકસાન કર્યું છે ગુજરાતે કેટલું ભોગવવું પડ્યું છે તેનો ઈતિહાસ તપાસવા બહુ દુર જવું પડે એમ નથી. અને આ ઈતિહાસનો અભ્યાસ કરવાની ગુજરાતને જે પાછા એ જ ભૂતકાળમાં લઈ જઈ રહ્યા છે એની તૈયારી નથી. માત્ર સત્તા પામવા કે ટકાવવા થતી શરણાગતિ રાજકીય પક્ષોની નબળાઈ પુરવાર કરે છે. શું તમારી પાસે મત માગવા પ્રજા વચ્ચે જઈ શકાય એવા તંદુરસ્ત મુદ્દાઓ નથી બચ્યા ? માઈક્રોફોન પરથી, મોબાઈલ પરથી વહેતો અસ્ખલિત વાણી અને અભિવ્યક્તિનો એક ગંદો અને હીન કક્ષાનો જુઠપ્રવાહ કોઈ હોદ્દા, ગરિમા, વ્યક્તિત્વ કે વિચારનું સારાપણુંની શરમ નથી ભરતો. વાણી સ્વાતંત્ર્ય ના નામે વિરોધીઓને ગાળ અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્યના નામે તમે સરકારી અસ્ક્યામત તોડી સળગાવી શકો એટલી સ્વતંત્રતા ગુજરાતની પ્રજાએ ક્યારેય નથી ભોગવી. અને આ કે પેલી જ્ઞાતિની સામે એક્શન લેવાથી વોટબેંક જોખમાશે એવી બીકથી બેકફૂટ પર સરકારની મજબૂરી પણ અભૂતપૂર્વ છે. પોતાની જ્ઞાતી કે જાતિ કે સમાજ કે વર્ગને ગુમરાહ કરીને કે ઉશ્કેરીને નેતા બની શકાય એવું વાતાવરણ શાસક પક્ષ ભાજપે ઉભું કરી મુક્યું છે. આ ઉશ્કેરણી સતત બોલતી રહે છે અને પોતાના મનગમતા વિષયો સિવાય બીજા મુદ્દાઓ પર ચુપ છે. જયારે તમે વિવેકબુધ્ધીના શૂન્યાવકાશ વચ્ચે કોઈ વિશે બોલો છો, લખો છો, ખરાબ લખો છો, જયારે તમારી આંગળીઓ મોબાઈલના ટચ સ્ક્રીન પર આ ઝેર ઓકી રહી છે ત્યારે તમારી જે માગણીઓને લઈને તમે આટલા આક્રમક છો એ માંગણીઓ પ્રજાના અન્ય વર્ગોને અન્યાયકર્તા તો નથીને એનું પ્રમાણભાન નથી રહેતું. અહી આપણને ના ગમતા એક ગુજરાતના જ પુત્ર મહમદ અલી જિન્નાહ ની એક વાત ટાંકીએ તો 'અહી એક પ્રજાનો હીરો બીજી પ્રજાનો વિલન છે...અને એક પ્રજાનો વિલન બીજી પ્રજાનો હીરો છે.'

ક્વિક નોટ - બક્ષી બાબુએ ક્યાંક ટાંકેલો અકબર ઈલાહાબાદી નો એક શેર સાંપ્રત ગુજરાત પ્રવાહો સાથે અદલ ફીટ બેસે છે.

"કૌમ કે ગમ મેં ડીનર ખાતે હૈ હૂક્કામ કે સાથ
રંજ લીડર કો બહોત હૈ મગર આરામ કે સાથ...."

(જાતિના દુઃખમાં હાકેમો (સત્તાધીશો) સાથે ડીનર ખાઈ રહ્યા છે, લીડરને વેદના તો બહુ છે, પણ આરામ સાથે વેદના છે.)

## દાઢી વધારું તો ઘરમાં પૈસે ટકે સારું થશે ?

**હાસ્યાય નમઃ**



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)આખું વરસ જે નથી કર્યું એ આ વેકેશનમાં કરવું છે. શું કરવું?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

ભણો.

(૨)અધિક મહિનાને લીધે શું ફરક પડે?

રમાબેન પટેલ (અમદાવાદ)

ભાડુઆતને એક મહિનાનું ભાડું વધારે ભરવું પડે અને મકાનમાલિકને એક મહિનાનું ભાડું વધારે મળે!

(૩)અમેરિકા ઈરાન યુધ્ધથી શું ફાયદો થયો?

આખી દુનિયાને હોર્મુઝનું નામ આવડી ગયું!

(૪)જુગાર અને પગાર વચ્ચે શું અંતર?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

જાવક અને આવક જેટલું.

(૫)મન ભટકે છે એના બદલે મન જાત્રા કરે છે એમ ના કહેવાય?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા કેનેડા)

જાત્રા કરતું હોત તો મન જંપી જાત પણ આમાં મન લટકે છે એટલે ભટકે છે એમ જ કહેવું પડે.

(૬)સાહેબ..! બધા પક્ષની ચુંટણી કાર્યાલયમાંથી નાસ્તો કરવા જવાનું આમંત્રણ આવે છે તો ક્યાં જવાય?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

બધે જાવ પણ વચ્ચેવચ્ચે ઘેર પણ જમવાનું રાખવું.

(૭)એસીડીટીની બળતરા માટે દવા આવે તો બીજી બધી બળતરા માટે કેમ નહીં?

ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)

બીજી બળતરા માટે દવાથી નહી દેવથી.દૂર થાય.

(૮)બીજા જીવોને વગર મહેનતે ખાવાનું કેમ મળી રહે છે.?

બાલુભાઈ કિકાણી (લીલીયા મોટા)

એમાંથી પ્રેરણા લઈ ને જ કેટલાક માણસો પણ વગર મહેનતનું ખાવાનું શોધ્યા કરે છે!

(૯)ઈરાન અમેરિકા મંત્રણા નિષ્ફળ ગઈ. હવે શું થશે ?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

બન્ને દેશો પાછા હોર્મુઝ હોર્મુઝ રમવા માંડશે.

(૧૦)કમોસમી વરસાદની જેમ પત્નીનો 'કમોસમી પ્રેમ' પામવા માટે શું કરવું જોઈએ ?

કનુભાઈ પરમાર (દામનગર)

દેખ મૈ તેરે લિયે ક્યાં લાયા હૂં? એવું હિન્દીમાં બોલી ને ગામમાં લાગેલા સાડીના મોસમી સેલની જાહેરાતનું પતાકડું બતાવવું જોઈએ!

(૧૧)અમેરિકા અને ઈરાન વચ્ચે પાકિસ્તાનમાં મંત્રણા થઈ એમાં આખું પાકિસ્તાન હરખાય છે. શું કહેશો?

રામભાઈ પટેલ (સુરત)

પ્રેમલગ્ન હોય કે ગોઠવાયેલા લગ્ન હોય એમાં મેરેજ હોલવાળાએ હરખાવાનું ન હોય!

(૧૨)નમકને પ્રવિત્ર કેમ કહેવામાં આવે છે?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

આ વખતે નમક લઈશ ત્યારે એને ખુદને પૂછી જોઈશ.

(૧૩) અમારા જવાબ આપવાથી તમને શું મળે?

જય દવે (ભાવનગર)

નવા સવાલો.

(૧૪)દાઢી વધારું તો ઘરમાં પૈસે ટકે સારું થશે?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

દાઢી વધારવાથી નહી પણ બચત વધારવાથી પૈસેટકે સારું થશે.

(૧૫)મારા પતિથી પાપડ પણ ભાંગતો નથી. મારે શું કરવું?

રમાબેન પટેલ (અમદાવાદ)

હવે પાપડ તમારે જાતે ન બનાવવા. બજારમાંથી લઈ આવવા! ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# કોઈ પણ પરિસ્થિતિ હોય, પરિવારમાં પ્રેમની ઓટ ન આવવી જોઈએ...!

સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય



વરસાદ ધીમો પડતો જ હોય ત્યારે વૃંદાવનમાં ઘટાટોપ કદંબના વૃક્ષ નીચે ગોવાળિયાઓના ટોળાની વચ્ચે પોતાની સખીઓ સાથે રાધા, કૃષ્ણની પાસે બેઠી છે. આકાશમાંથી વરસાદની ધારાઓ કદંબના પાંદડાં પર થઈને થડમાં ઊંડે ઉતરે છે. માત્ર રાધાને જ નહીં, આખા ગોકુળને કૃષ્ણ પ્રત્યે એટલી બધી પ્રીતિ છે કે જેટલો વધુ સમય કૃષ્ણ સાથે પસાર થાય એટલું સારું. વરસાદ વરસવાનો શરૂ થાય એટલે બધા ગોવાળો અને ગોપીઓ રાજી રાજી થઈ જાય. વરસતા વરસાદમાં પણ કુષ્ણ મધુર બંસી બજાવે અને સૌ સાંભળતા રહી જાય. તમને જેમના સાંનિધ્યમાં વધુમાં વધુ સમય પસાર કરવો ગમે એટલે કે સમય ક્યાં વહી ગયો એનું ભાન જ ન રહે ત્યાં લાગણીનું એક નવું વિશ્વ આકાર લે છે. પ્રેમ આ જગતની મુખ્ય આધારશીલા છે. આપણે પ્રભુની ભક્તિ કરીએ અને પડોશીની ઈર્ષા કરીએ તો એ ઈર્ષા જ આપણી ભક્તિને પ્રભુ સુધી જતા રોકે. કેટલાક લોકો ખોટું કરીને ભ્રષ્ટાચારનો રૂપિયો કમાઈ લે ને પછી એમાંથી થોડુંક દાન કરે તો એનાથી બાકીનો ઘરમાં ઘરી ગયેલો રૂપિયો ચોખ્ખો ન થઈ જાય. એ તો કુદરતને બેવકૂફ બનાવવાની ચાલ છે. આજકાલ નવી પેઢીના કેટલાક સંતાનો માબાપને બેવકૂફ બનાવે જ છે. જો કે એના વિકરાળ પરિણામો સંતાનોએ ભોગવવા પડે છે. હવે જો કે એમાં ફેર પડ્યો છે. ફિલ્મ કબીરસિંઘમાં કબીર ખોટું બોલતો નથી. એ તોફાની છે, માથાભારે છે પરંતુ જે કહે છે એમાં તો એ સાચો જ છે. નવી પેઢીમાં આ વાત ઝડપથી પ્રસરતી જોવા મળે છે કે ખોટું તો બોલવું જ નહિ. કારણ કે તમે ખોટું બોલો છો ત્યારે પ્રથમ તો તમારા જ હાથે તમારી કિંમત કોઈની થઈ જાય છે. એની જાણ ભલે જગતને મોડી થાય. પણ તમારો સિક્કો ઘસાતો જાય છે. પ્રેમ હોય, એકબીજા પ્રત્યે ખરા દિલની લાગણી હોય તો પછી કોઈ સમસ્યા જ હોતી નથી. પિતા જો પુત્રને ચાહતા હોય તો વિવાદ થતો નથી. લોકો કહે છે કે શું પિતા પોતાના પુત્રને ન ચાહે એવું બને ? હા, એવું એટલે બને કે પિતા અને પુત્રનો અહંકાર ટકરાવાની શક્યતા માટે કોઈ મુહૂર્ત જોવાની જરૂર નથી. દીકરો મોટો થાય અને એમાંય જો વધારે લાડકોડમાં ઉછર્યો હોય તો તો બહુ વહેલા મતભેદ ચાલુ થઈ જાય. આપડે સહુએ નજરે જોયું છે કે ઘણીવાર મા જ દીકરાના અહંકારને હવા આપતી હોય છે. તારા પપ્પા સમજતા જ નથી... તું તુંતારે જાતે જ નક્કી કરી લે, તારા બાપને પૂછીશ તો નનૈયો ભણશે... ને એમ ચિરંજીવીનો જોખમી સ્વૈરવિહાર ચાલુ થાય છે. પિતા અનેક બાબતોમાં સાચા હોય છે એ વાત જ્યારે પુત્રને સમજાય ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે. સંસારના કોઈ પણ પિતા પોતાના પુત્રને સફળ જોવા ચાહે છે પરંતુ પિતા સાથે વટ કરીને એમના 'કહ્યાબાર' કેટલાક પરાક્રમી પુત્રો વ્યર્થ અને અવ્યાવહારિક સાહસો કરે છે જેને કારણે પણ પાઘડીનો વળ છેવટે તો પિતાના ગળે જ આંટી મારે છે. એક સમય જિંદગીમાં એવો આવે છે કે નવજુવાન પુત્રને પિતાની વાત ખોટી લાગે છે અને મિત્રોની વાત સાચી લાગે છે. ત્યાંથી મતભેદની શરૂઆત થાય છે. ક્યારેક વાત વટ ઉપર પણ ચડે છે. છેવટે પિતાનો અહંકાર ઘરમાં ગાજે છે અને તેઓ ધારે છે કે હવે એને થોડા ગોથા ખાધા પછી જ ખબર પડશે. સોમાંથી એકાદ કિસ્સો એવો પણ હોય છે જેમાં પિતા ખોટા પડે છે અને પુત્ર સાચો પડે છે. આજે જેઓ અભ્યાસમાં એકકા છે તેવા અનેક યુવાનો એમના પિતાને કહી શકે છે કે તમે આખી જિંદગીમાં જેટલું કમાણા એટલું તો અમે એક વરસમાં કમાઈ લઈએ છીએ. પરંતુ આવા કિસ્સા જૂજ હોય છે. પુત્રએ સફળતા માટે સંઘર્ષ કરવાનો છે અને એમાં એના પિતા સદાય એની સાથે જ રહેવાના હોય છે. પિતાને વિશ્વાસમાં લઈને જેઓ આગળ ચાલ્યા છે એમને કદી તડકો લાગ્યો નથી કારણ કે પિતા તો શીતળ શિરછત્ર હોય છે. કોઈ પણ પરિસ્થિતિ હોય, પરિવારમાં પ્રેમની ઓટ ન આવવી જોઈએ. કાયમ ઘરના બધા સભ્યો દરેક મુદ્દે સહમત ન પણ હોય પરંતુ એની અસર પ્રેમની વધઘટમાં ન પરિણમે તે ઘરના વડલાઓએ જોવાનું રહે છે. આ સંસાર સ્નેહના સૂત્રથી બંધાયેલો છે અને એ સૂત્ર જ મુક્તિ કે નિરાત આપનારા છે. પ્રેમ માત્ર પતિ-પત્ની કે પ્રિયતમ-પ્રિયતમા વચ્ચેનો જ નથી હોતો. સંસારમાં અનેક મહાન માણસો એવા છે જે એમના દાદા કે નાના પાસે તૈયાર થયા છે. વાત્સલ્યના ઝરણાં જ્યાં કદી પણ સુકાઈ ન જાય એને જ બાળકો ઘર માને છે. જે ઘરને નાપાસ થઈને આવેલા સંતાનોનું સ્વાગત કરતા અને એમને હિંમત આપતા ન આવડે એ ઘર પોલીસ સ્ટેશન બની જાય છે. કૃષ્ણ પ્રેમના સાગર છે. કારણ કે નંદ અને યશોદાનો એકધારો પ્રેમ તેમના પર ધોધની જેમ પડે છે. મારો કાન્હો.... એમ કહેતાં તો યશોદાની આંખ ભીની થઈ જાય છે. કૃષ્ણ સામે નંદ કે યશોદા સ્વયં કદી રિસાઈ જતાં નથી. કૃષ્ણને એક વાતની પાકી ખબર છે અને બહુ શરૂઆતથી ખબર છે કે આપડે કોઈ પણ પરાક્રમ કરીને આવીએ તોય ઘરમાં પ્રેમ જ મળવાનો છે. યશોદા એને દોરડાથી બાંધે અને એવી કંઈક લીલાઓ શુકદેવજીએ શ્રીમદ્ ભાગવતમાં આલેખી છે. પરંતુ સરેરાશ કૃષ્ણ પર આખા ગોકુળની સ્નેહવર્ષા નિરંતર ચાલુ રહી છે. એને કારણે કૃષ્ણમાં જે સ્વક્ષમતાઓનો વિકાસ થયો એણે જ આ જગતને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધું. નંદ અને યશોદા તો આપણે ન થઈ શકીએ પરંતુ થોડાક નંદબાબાના લક્ષણો પિતામાં આવે અને થોડા યશોદાના લક્ષણો માતામાં આવે તો પુત્રનું સામર્થ્ય અધિકાધિક થતું રહે. માતા પિતા કંઈ દરેક બાબતના નિષ્ણાંત ન હોય. બધી બાબતમાં સંતાનોને માર્ગદર્શન આપવાની ત્રેવડ તો કોઈની ન હોય. પરંતુ જો પૂરતો પ્રેમનો અભિષેક ચાલુ રહે તો આખરે સંતાનોને એમનું ભવિષ્ય મળી રહે છે. ■

**પિતાને વિશ્વાસમાં લઈને જેઓ આગળ ચાલ્યા છે એમને કદી તડકો લાગ્યો નથી, કારણ કે પિતા તો શીતળ શિરછત્ર હોય છે**

# રૂપાની નણંદે વાતની બાંધણી કરીને મા સામે જોયું



## રાગ - વૈરાગ - ૧૯

લઘુનવલકથા
યોગેશ પંડયા



મહેમાનો ગયા, પણ જતા જતા કહેતા ગયા,ધધધધદર વખતની જેમ માગસર મહિનાની પૂનમને દિવસે આ વર્ષે પણ બીલેશ્વરનો મેળો ભરાવાનો છે. તમે રૂપાને અચૂક મોકલજો. રૂપાને તેડવા માટે મોહનથી નાના મફતને ફટફટિયું લઈને મોકલાવીશું. આમ પણ બીલેશ્વરને કાંઠે વહેતી શેતલ નદીને કાંઠે અમારાં કુળદેવીનું સ્થાનક છે. અમે માનતા રાખેલી. અમારા મોહનનું વેવિશાળ થાય ત્યાર પછી રૂપા અને મોહનને પગે લગાડવા જવાની. આમ તો અમારા કુટુંબમાં પહેલેથી જ રિવાજ ચાલ્યો આવે છે. તમે મોકલશોને?

રૂપાની નણંદે વાતની બાંધણી કરીને મા સામે જોયું. મા સાનમાં બધું સમજી ગઈ. આંખ્યુંના ઈશારે સમજી ગઈ. કંકુ કશું બોલે એ પહેલાં તો જાણે નક્કીય કરી લીધું.

'હા, હા, બેટા. એમાં વેવાણ ક્યાં ના પાડવાના છે? અને આમે તો સરખેસરખાં જુવાનિયાંવ છોકરા- છોકરીઓ દર વર્ષે મેળો માણવા ઊપડી જ જાય છે ને. આ વખતે રૂપા હોય તો સારું છેને? અમારું લાંબુપહોળું કુટુંબ છે. રૂપા જેવડી જ અમારીય છોકરીયું છે. રૂપાનેય ગમશે, અજાણ્યું નહીં લાગે.'

'પણ..' કંકુના મોઢે મણ એકનું પણ આવી ગયું. એ કોની સાથે જશે એ મૂંઝવણ તેના ચહેરા પર સ્પષ્ટ તરવરતી હતી કે એની નણંદે પુન:સંધાન કરતાં કહ્યું,

'એ તો અમે કહ્યુંને કે મફતને અમે ફટફટિયું લઈને મોકલાવીશું, રૂપા એની પાછળ બેસીને આવી જાય અને બીલેશ્વર ક્યાં આઘું છે? માંડ કલાક સવા કલાકનો મારગ છે.અહીંથી ઊપડો એટલે નડાળા, નાગપુર, ધરમપરા, નવલખાનો માંડવો થતાંકને બજરવાનો ઢાળ...પછી તો સીધો શેતલનો કાંઠો.!

'અને તોય છતાં...' રૂપાના સાસુએ માંજો પાયો, '...તોય છતાં એવું હોય તો રૂપાને તેડવા હું ખુદ આવું, બસ?'

' ના ભઈ, ના. એના દેર આવીને તેડી જશે તોય વાંધો નથી '

'ત્યારે શું?' રૂપાનાં સાસુએ હસતાં હસતાં છીકણી સૂંઘતાં આંખ મિચકારી. નણંદ-સાસુની રમત સફળ થઈ. આમ તો જોકે આ રમત તો ન કહી શકાય, પણ એ બહાને રૂપાનાં પગલાં પડે અને વહુ કેવીક છે એની ખબર પડે.

'તો પછી પાક્કુંને વેવાણ?' રૂપાની સાસુએ ઊભી થતાં કહ્યું, 'હું મફતને મોકલીશ. આમ તો મફત અને મોહન ભલે સગા ભાઈઓ ન હોય પણ સગાથીય વિશેષ છે. અમારા કળશી કુટુંબમાં કાકા-દાદાનો કોઈ ભેદભાવ નથી. કાકા-દાદાના તોય સગા ભાઈઓથી વિશેષ. બાકી અત્યારે તો એકનો એક દીકરો હોય તોય માવતરને ઘરની બહાર કાઢી મૂકે છે. અમારા છપ્પન જણના કુટુંબમાં હજી એક જ ચૂલે છપ્પન જણની ખીચડી એક સાથે થાય છે. ..રૂપાની સાસુએ આંખો ઝીણી કરી રૂપા સામે જોયું, પછી આગળ ચલાવ્યું, 'તેમ છતા..તેમ છતાં હજી કોઈ દિવસ કોઈને કાંઈ ટંટો- ફરિયાદ નથી, બોલો.'

"ઉપરવાળાની મહેરબાની, મારી બહેન. બીજું તો શું કહું? આપણા વડવાઓની કૃપા, આપણા કરમ... ત્યારે જ ચાર ચાર પેઢીએ સંપ રહ્યો છેને."

'તમારી રૂપાય અમારા કુટુંબમાં સાકરમાં દૂધ ભળી જાય એમ ભળી જશે ને?'

'હા બેન, મારી દીકરી તો ગવરી ગાય જેવી છે. એ તો જયાં દોરે ત્યાં જાય. મારી દીકરીને ગવરી ગાય બેય સરખાં.'

'હા. આ વહુ અને વરસાદ સારાં હોય તો સારું બાકી વહરા હોય તો વસમું પડી જાય.' કહેતાં ઊભાં થયાં, 'અમારી બસનો ટાઈમ થઈ ગયો છે. હજી અહીંથી પાળિયાદગઢ જઈશું ત્યાંથી પાછો ટેમ્પો-બેમ્પો પકડીશું ત્યારે માંડ સાંજે ઘેર ભેગા થશું..'

સાસુએ 'આવો બેટા રૂપાવહુ.' કરતાં સાસુએ રૂપાને બોલાવી. રૂપા વાંકી વળી ત્યાં જ નણંદે એકકોર લઈ જઈને બ્લાઉઝના ખિસ્સામાંથી એક ગુલાબી ડબ્બી કાઢી અને એક કવર કાઢ્યું. અંદરના ઓરડામાં લઈ જતાં નાની નણંદે એની કેડયે હળવો ચીમટો ભર્યો,

'લ્યો, ભાભી, આ મારા ભાઈએ મોકલાવ્યું છે.'..રૂપા અનિમેષ નજરે તાકી રહી. ગુલાબી ડબ્બી હતી અને એક કવર હતું.

'વાંચજો અને પાછાં કાગળ લખજો. મારા ભાઈને બહુ યાદ આવો છો. આખી રાત મારો ભાઈ સૂતોય નથી. તમારી યાદમાં. આખી રાત તારા ગણ્યા કરે છે.' કહી હડપચી ખેંચતાં પૂછ્યું 'તો પછી મફતભૈ તેડવા આવેને ભાભી?'હકારમાં રૂપાએ ડોકું ધુણાવ્યું અને નણંદ ખિલ ખિલ કરતી હસી પડી.

★★

અડધી રાતનો ગજ્જર ભાંગ્યો હતો. કાકા પૂનમચંદની દુકાનમાં કારસ્તાની કારીગર અને પૂનમચંદનો ભત્રીજો જયચંદ, મલકનો ઉતાર અરજણ, ગુંડાનો સરદાર જેસિંગ ગોરધન, કાળુ ગોરડો અને પંજો તરીકે ઓળખાતો એભલ બેઠા હતા. સીંગ, ચણા અને બટેકાની કાતરી- વેફરનો મુખવાસ ચાલતો હતો અને બરાબર વચમાં દારૂની બોટલ પડી હતી. હાથમાં પત્તાની જોડ હતી. જયચંદે કાળીનો ગુલામ ઊતરતાં કહ્યું,

'આંકડે મધ છે ને માખિયું વગરનું છે અરજણિયા. ! સમો સારો છે. આપણો પ્લાન નવાણું ટકા ફેઈલ નહીં થાય, પણ આમાં મને એક નવી દિશા સૂઝે છે. નવી દશ્ય વંચાય છે.'

'ક્યા જયચંદ ક્યા બોલ...'

અરજણ આગળ બોલે એ પહેલાં પૂનમચંદ બોલી ઊઠ્યો.

'કઈ નવી દિશા છે?'

'ઈટ મીન્સ...' જયચંદે સિગારેટનો કશ લીધો.

'ખીચડીમાં જ ઘી ઢોળાય એમ છે પછી આટલો મોટો દાખડો શું કરવો? અને બીજું કે બે ટટ્ટુઓને મારવા માટે આપણે આટલા બધા માણસોની પણ જરૂર નથી. કામ કળથી જ લ્યોને, બળથી શું કામ લ્યો છો?'

'સમજાય છે. થોડું ઘણું સમજાય છે પૂનમચંદ બોલ્યા',

'જુઓ કાકા, તમે હમણાં જ વાત કરી કે એ છોકરીનું વેવિશાળ અરજણના સાળા હારે કરવાનું હતું, પણ છોડીને બાપ માન્યો નહીં. ભલે ન માન્યો, આપણે મનાવવો પણ નથી. પણ આપણે એક એવી ચાલ ચાલશું કે જેથી છોડી જ માની જાય.'

એ મેળામાં જવાની છે. એનો દેર- જેઠ જે કોઈ તેડવા આવવાનો છે. મેળે પહોંચે ત્યાર પછી એ મંદિરે દર્શન કરવા જવાનાં છે. એ પછી જેવો વળતાં વળે કે આપણે છોડીને પકડી લઈશું. છરીની ધારે- અરજણનો સાળો એની હારે ચાર ફેરા ફરી લેશે અને સુહાગરાત પણ મનાવશે. હવે આ સાવ સીધીસટ વાતમાં આપણે ક્યાં ઝાઝી મોથ મારવાની છે. બરાબર?'

હા... જેસિંગની આંખો બંધ થઈ ગઈ, 'જયારથી ઈ છોડીનું રૂપ મારી આંખોમાં વસી ગયું છે ત્યારની મને નિરાંતે નીંદર પણ આવી નથી. બસ, એક વાર એ મારી બાંહોમાં આવી જાય.'

પણ ત્યાં જ અરજણે એને ટપલું માર્યું, 'સાલા, બનેવીની તો શરમ રાખ.

'એ સિવાય...' જયચંદે એક ઓર પેગ ભર્યો, 'એ સિવાય એક કળનું કામ કરવાનું છે. પેલા માસ્તરને આપણે ઝબ્બે કરવો પડશે. એ લાળિયો પેલી પાછળ જરૂર મેળે આવવાનો. આપણે એના ટાંટિયા ત્યાં ભાંગી નાખશું.'

મલકના ઉતાર બધા છૂટા પડયા ત્યારે ચંદ્ર આથમણે આવી ગયો હતો. કાકા જયચંદે પૂનમચંદનો વાંસો ઠપકારતાં કહ્યું,

'કાંટે કાંટો ભાંગવાનું તો હું આપણા કુટુંબમાં જન્મ્યો ત્યારથી શીખ્યો છું. બીજું કે કાયદો આપણે હાથમાં લેવાનો નથી. આ બધા ગધેડા એને માટે બરાબર છે. હા, એક કેમેરાની જરૂર પડશે. આણે બાંધેલા ગાળિયામાં આપણે જ ન ફસાઈ જઈએ એનું ધ્યાન રાખવું રહ્યું, કાકા. આ જાતી જિંદગીએ તમારે જેલના સળિયા પાછળ જવું પડે તો તો મારા જીવતરને કલંક લાગે.' બબડતો બબડતો સૂઈ ગયો.

આજે માગસર મહિનાની પૂનમ છે.

ગાઢ વગડામાં આવેલું બીલેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર છે. પાસે જ શેતલ નદીનો ધસમસતો કાંઠો છે. કોઈ રૂપાંગનાના વક્ષપ્રદેશ ઉપર વિખરાયેલા ગાઢ ઝુલ્ફાં જેવાં શેતલનાં ઊંડાં પાણી આસપાસના તટ ઉપર પથરાઈ ગયાં. છે. ઊંચી કાળકરાલ ભેખડો, આઘેરેકથી ડેમમાંથી પડતો શેતલનો ધોધ, નદીમાં આવતા અઢળક જળના પ્રવાહને લીધે બે કાંઠા છલોછલ છે. લીંબડા, આંબા, સાજડ, ગાંડા બાવળ અને આંબલીઓની બનેલી ઝાડી છે. મંદિરની અગિયાર ગજની ધજા સમસમ વહેતા માગશરી વાયરામાં ફરફરે છે. આગળ મોટું મેદાન છે. ત્યાં મેળો ભરાય છે. પાછળ થોડે દૂર સતીમાની દેરી છે.થોડેક આઘે શીતળા માતાનું મંદિર છે જે વર્ષોથી અપૂજ પાધુ રહે છે. હનુમાનજીની દેરી અને કાકાબળિયાની દેરીઓ પડખે આવેલી છે.જ્યારથી બીલેશ્વરના મેળે જવાની વાત આવી છે ત્યારથી રૂપાને જંપ નથી, અને જેની સાથે જવાનું છે એની સાથે જવાનું મન નથી. એ તો દિવાળીનું વેકેશન કરીને આનંદ આવ્યો ત્યારે જ એણે વાત કરી દીધી. આનંદ હસેલો. 'સારુંને તારો દિયર તેડવા આવવાનો હોય તો ભાભી તૈયાર થઈને જાય એમાં નવાઈ શી છે?'

'બીજું કાંઈ નહીં, તમે આવો છો?'

'ન આવું તો?'

'તો હું પણ નહીં જાઉં?'

'તારો વર ખિજાશે.'

જવાબમાં રૂપાએ આનંદને ચીમટો ભરી લીધો.

'ઓય તારી રૂપલી.' કરતાં આનંદે હાથ છેડાવ્યો.

'સારું આવીશ, બસ.'....અને રૂપાનું હૃદય નાચી ઊઠ્યું. પણ પૂનમને આગલે દિવસે સાંજે રૂપા ઉદાસ હતી.

(ક્રમશ:) ■

# મનઘડંત વિચારવાયુની કોઇ દવા નથી



## રાખનાં રમકડાં

ધારાવાહી નવલકથા
અમૃત પરમાર



ઉંડે ઉંડે આવું બધું કર્યા પછી પણ છેવટે તો પોતાના નસીબને તેણે પ્રાધાન્ય આપીને સંતોષ માની લીધો. કારણ તેની નજર સામે જ હતું સુખની એ સુંવાળી રાપ્યામાં ચરમસુખની પ્રાપ્તિના અંતે, પોતાના પેટમાં જો વંશના વેલાનું બીજ અંકુરિત થાય તો.... દામલનો વંશ આગળ વધે આવી અપેક્ષાએ શાંતુ ખૂબ જ પ્રફુલ્લિત થઈ જતી. પરંતુ આવી ક્ષણ, આવો સમય તેના જીવનમાં આવશે....?

આમ, આવા અનેક વિચારો કરતી શાંતુ હવે રસોઈ બનાવવાના કામમાં લાગી એકાદ કલાકમાં રસોઈ બની જતાં શાંતુ તથા મહેશે થોડું થોડું જમી પણ લીધું જમ્યા પછી મહેશ આરામ કરવા માટે તેના રૂમમાં ચાલ્યો ગયો. શાંતુ પણ તેના બેડરૂમમાં ધીમેથી દાખલ થઈ.

આ તરફ કમળાપુરમાં દામલ તો સોમવારે બપોરના ત્રણ વાગે તેના ઘરમાં પહોંચી ગયો હતો. દામાને જોઈ બા તો હરખના માર્યા ખાટલામાંથી ઝડપથી બેઠાં થઈ ગયાં. આ જોઈ દામલે તરત જ કહ્યું :

"બા, તમે એમને એમ જ સૂતાં રહો... આરામ કરો."

"દીકરા, મારે તો સાવ સારૂં છે. તમારે મારી ચિંતા તો નહીં જ કરવાની હું ને શાંતુ મજામાં જ છીએ, અને હા... શાંતુએ તમને જયશ્રીકૃષ્ણ કહ્યા છે..."

"જયશ્રી કૃષ્ણ.... બેટા ! તું વહુનું ધ્યાન રાખજે હોં, મારી ચિંતા નહીં કરવાની હા, એક વાત છે.. તારે રજા હોય અને અનુકૂળતા હોય તો અચૂક મારી પાસે આવી જજે. તને જોઈ મારા દિલને ટાઢક થાય છે ને દર્દ પણ ગાયબ થઈ જાય છે.." બાએ કહ્યું.

"એટલે તો હું અત્યારે આવ્યો છું બા...., વળી કાલે રજા છે. પરંતુ આ નોકરી એવી છે કે તરત જ પાછું ભણવું પડે. કાલે જાહેર રજા છે. એટલે આખો દિવસ હું તમારી પાસે રોકાઈશ, પરમ દિવસે સવારમાં વહેલો ચાલ્યો જઈશ..."

"સારૂં થયું બેટા તું આવ્યો એટલે મને ખૂબ જ સારૂં લાગે છે."

"બા તમે મારી સાથે આમરવેલીમાં થોડા દિવસ રોકાવ તો મને પણ સારૂં લાગે, આમેય તમારી તબિયત પણ બરાબર નથી. એટલે હું કહું છું અને શાંતુએ પણ આમ જ કહ્યું છે..."

"બેટા, આટલી જિંદગી હું ગામમાં રહી છું. તારી પાસે મારે નથી આવવું એવો મારો ઈરાદો નથી પરંતુ ત્યાં આગળ મને બધું ખૂબ જ અતડું અતડું લાગે છે. ને અહી તો...."

"તમારી વાત સાચી છે બા ! સારૂં..., હવે તમે આરામ કરો. તમારા પગ દુ:ખવા હોય તો દબાવી દઉં...?"

"ના બેટા ના..., એટલી બધી હું કંઈ બીમાર નથી દીકરા, પરંતુ હમણાં હમણાં મને ખોટા વિચારો ખૂબ જ આવે છે. વિચારવાયુ જેવું થઈ ગયું છે. વિચારો મારો પીછો નથી છોડતા. આના લીધે ઊંઘ પણ ન આવે, ઊંઘ પૂરી ન થાય એટલે તેની અસર શરીર પર થાય, તાવ આવે, ઉલટી જેવું થાય, આખું શરીર તૂટે, એવું બધું..."

"આવા મનઘડંત વિચારવાયુની કોઈ દવા નથી. સ્વસ્થ રહેવા માટે આપણે જાતે જ આપણા ડોકટર બનવું પડે છે. ખાવા - પીવા અને ઊંઘ માટેનું ટાઈમ ટેબલ પણ હોવું જરૂરી છે. છતાં પણ...."

આમ, સાંજના છ વાગ્યા સુધી મા અને દીકરો આવી અસંખ્ય વાતો કરતા રહ્યા. હવે છેલ્લે દામાએ બાને કહ્યું : "એકાદ કલાક હું ગામમાં ચક્કર મારી લઉં, બજારમાંથી કંઈ લેવાનું હોય તો લેતો આવીશ..."

"ના બેટા, કંઈ જ લેવાનું નથી. તું તારે તું નિરાંતે આંટો મારી આવ, હવે હું પણ પથારીમાંથી બેઠી થઈને ફળિયામાં જ આમ તેમ આંટા મારૂં, પગ મોકળા તો થાય, પછી થોડી રસોઈ બનાવું..."

દામો ડેલી બહાર નીકળ્યો અને બા ઊભાં થઈ ફળિયામાં આમ અ તેમ આંટો પણ મારવા લાગ્યાં.

દામો તો ડેલી બહાર સીધો જ પેલા પાનના ગલ્લે જઈ પહોંચ્યો, ત્યાં આવતા જાણીતા ચહેરાઓને મળ્યો, થોડા મિત્રોને પણ મળ્યો, અને પછી તે લાયબ્રેરીએ પહોંચી ગયો.

ઘણા દિવસોથી તેણે લાયબ્રેરી જોઈ જ ન હતી. એટલે ત્યાં આગળ લગભગ કલાક જેવો સમય પસાર કર્યો, પછી ત્યાંથી ચાલીને આમ અ તેમ નજર ફેરવતાં તે ઘરે પહોંચ્યો, એ આવ્યો ત્યારે બા... તો રસોડામાં હતી, એટલે હાથ - મોં ધોઈ દામો સીધો જ રસોડામાં દાખલ થયો.

સાંજે અત્યારે બાએ બાજરીનો રોટલો ઘડી કાઢયો હતો થાળીમાં ખીચડી, કઢી અને લસણની લાલ ચટણી પણ મૂકી, પછી સામે બેસતાવેંત જ બા બોલ્યાં : દીકરા..., પેટ ભરીને નિરાંતે જમી લે..."

(ક્રમશ:) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# તામિલનાડુના પહાડી વિસ્તારમાં ટેમ્પો નીચે ખાબકતા ૯ના મોત

ચેન્નાઈ,તા.૧૮

તમિલનાડુના સુંદર પહાડી વિસ્તાર વલપારાઈમાં શુક્રવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો જેમાં નવ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. કેરળના પેરિન્થલમન્નાથી આવેલા ૧૩ પ્રવાસીઓ જ્યારે વલપારાઈની મુલાકાત લઈને પરત ફરી રહ્યા હતા ત્યારે તેમનું ટેમ્પો ટ્રાવેલર અચાનક બેકાબુ બન્યું હતું. ૧૩મા હેરપિન વળાંક પર ડ્રાઈવરે વાહન પરનું સંતુલન ગુમાવતા ગાડી સીધી નીચે ખાબકી હતી અને ગબડતી છેક ૯મા હેરપિન વળાંક સુધી પહોંચી ગઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં એક પુરુષ અને આઠ મહિલાઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. બાકીના પાંચ પ્રવાસીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે જેમને તાત્કાલિક સારવાર માટે પોલાચીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.




# હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા ભારતીય સહિત બે જહાજ પર ઈરાનનો ગોળીબાર

તહેરાન,તા.૧૮

હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલા બે જહાજો પર શનિવારે બપોરે ગોળીબાર થયો હતો. આ ઘટનામાં ભારતીય ધ્વજ ધરાવતું એક ઓઈલ ટેન્કર પણ સામેલ હતું. અનેક દરિયાઈ અને સુરક્ષા સૂત્રોએ આ માહિતી આપી છે, જેને શિપિંગ મોનિટર 'ટેન્કર ટ્રેકર્સ' દ્વારા રિપોર્ટ કરવામાં આવ્યું છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, ભારતીય જહાજ અંદાજે ૨૦ લાખ બેરલ ઈરાકી ઓઈલ લઈને જઈ રહ્યું હતું. બ્રિટનના દરિયાઈ દેખરેખ કેન્દ્ર 'મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન સેન્ટર' અનુસાર, ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડની બે ગનબોટ્સ ટેન્કરોની નજીક આવી હતી અને કોઈપણ ચેતવણી આપ્યા વિના સીધું ફાયરિંગ શરૂ કરી દીધું હતું.આ હુમલા બાદ બંને જહાજો સ્ટ્રેટ પાર કર્યા વિના જ પરત ફરી ગયા હતા. જોકે, જહાજ અને તેના ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના બાદ ભારતે કડક વલણ અપનાવ્યું છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતના વિદેશ મંત્રાલયે શનિવારે ભારતમાં ઈરાનના રાજદૂતને તેડું મોકલ્યું હતું અને આ ઘટના અંગે સત્તાવાર વિરોધ નોંધાવ્યો હતો.

# નાગેશ્રીમાં આજે ભુતડા દાદાનો ૧૫મો પાટોત્સવ

રાજુલા,તા.૧૮

અમરેલીના નાગેશ્રી ગામે અખાત્રીજના પવિત્ર દિવસે સમસ્ત ટાંક પરિવાર દ્વારા કુળરક્ષક શ્રી ભુતડા દાદાનો ૧૫મો પાટોત્સવ ઉજવવામાં આવશે. આ દરમિયાન શાસ્ત્રી નિલકંઠદાદાના આચાર્ય પદે ૫૧ કુંડી મહાયજ્ઞ યોજાશે. રવિવારે સવારે ૭:૦૦ કલાકે ધ્વજારોહણ અને સાંજે ૬:૩૦ કલાકે મહાઆરતી સાથે યજ્ઞની પૂર્ણાહુતિ થશે. રવિવારે સવારે ૯ થી ૧૧ કલાક દરમિયાન નવકાર ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રાત્રે ૯:૩૦ કલાકે ભવ્ય લોક ડાયરો યોજાશે, જેમાં લોકસાહિત્યકાર ભરતભાઈ બોરીચા અને પ્રજાપતિ બંધુઓ કલા પીરસશે. મહોત્સવ દરમિયાન સાધુ-સંતોના આશીર્વચન અને ભાવિકો માટે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે. ટાંક પરિવારે સર્વે ધર્મપ્રેમી જનતાને પધારવા નિમંત્રણ પાઠવ્યું છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપને બહુમતી મળશે : અતુલ કાનાણી

અમરેલી,તા.૧૮



આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૦૨૬માં અમરેલી જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય નિશ્ચિત કરવા માટે સંગઠન દ્વારા અત્યારથી જ વ્યૂહાત્મક તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ નગરપાલિકા સ્તરે પક્ષને પ્રચંડ બહુમતી અપાવવા અને ચૂંટણીલક્ષી કામગીરીનું સચોટ સંચાલન કરવા માટે જિલ્લાની મુખ્ય નગરપાલિકાઓ જેવી કે અમરેલી, સાવરકુંડલા, ધારી, બગસરા, દામનગર અને બાબરા માટે ખાસ ઈન્ચાર્જોની નિમણૂક કરી છે. આ નિયુક્ત ઈન્ચાર્જો આગામી સમયમાં પાયાના સ્તર સુધી જઈને ચૂંટણી વ્યવસ્થાઓને વધુ સુદ્રઢ બનાવશે. જિલ્લા પ્રમુખના જણાવ્યા અનુસાર, ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરિયા તથા મહેશભાઈ કસવાળા, જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવિયા અને હીરાભાઈ સોલંકી જેવા અનુભવી ધારાસભ્યોના નેતૃત્વમાં પ્રચાર અભિયાન વેગવંત બન્યું છે. જનતામાં રાષ્ટ્રહિત અને વિકાસની રાજનીતિ પ્રત્યે ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેનાથી નગરપાલિકા, જિલ્લા અને તાલુકા પંચાયતની તમામ બેઠકો પર કમળ ખીલશે તેવો અતૂટ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# સુરત થી અમરેલી આવેલી રહેલી ખાનગી બસમાં ભરૂચ પાસે લાગી આગ

સુરત,તા.૧૮



સુરત થી અમરેલી આવી રહેલી ખાનગી બસને ભરૂચના નબીપુરા પાસે અચાનક આગ લાગી હતી. બસની અંદર અંદાજે ૪૦ થી ૫૦ મુસાફરો મુસાફરી કરી રહ્યા હતા. જેવી બસમાં આગ લાગવાની જાણ થતાં તમામ મુસાફરો સહી સલામત નીચે ઉતરી ગયા હતા. જાણવા મળતી માહિતી મુજબ ઘણા મુસાફરોનો સામાન બળી ગયેલ છે સદનસીબે કોઈપણ વ્યક્તિને ઈજા થઈ ન હતી.

# કાશ્મીર ખીણમાં ભૂકંપના આંચકાથી લોકોમાં ફેલાયો ગભરાટ, અફઘાનિસ્તાન કેન્દ્ર બિંદુ

શ્રીનગર,તા.૧૮

જમ્મુ અને કાશ્મીરમાં શનિવારે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેના કારણે કાશ્મીર ખીણના અનેક વિસ્તારોમાં લોકો ડરના માર્યા ઘરની બહાર દોડી આવ્યા હતા. સદનસીબે, આ ઘટનામાં હજુ સુધી કોઈ જાનમાલના નુકસાન કે ઈજાના અહેવાલ પ્રાપ્ત થયા નથી. ભૂકંપશાસ્ત્રીય માહિતી અનુસાર, આ ભૂકંપ સવારે ૮:૨૪ વાગ્યે આવ્યો હતો. તેનું કેન્દ્રબિંદુ અફઘાનિસ્તાનના બદખશાન પ્રદેશના ઝાયબકમાં હતું અને તેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૦ માપવામાં આવી હતી. આ ભૂકંપ જમીનથી ૧૯૦ કિલોમીટરની ઊંડાઈએ સર્જાયો હતો. કાશ્મીર ખીણ અત્યંત સંવેદનશીલ ભૂકંપગ્રસ્ત ક્ષેત્ર (સીસ્મિક ઝોન-૫) માં આવે છે. ઉલ્લેખનીય છે કે ૮ ઓક્ટોબર, ૨૦૦૫ના રોજ આવેલા ૭.૬ની તીવ્રતાના વિનાશક ભૂકંપમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા હતા.

# રાજકોટ સિવિલ કોર્ટનો આદેશ: કલેક્ટર અને મામલતદાર સહિતના અધિકારીઓને 'કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ'ની નોટીસ

**અદાલતના હુકમનું ઉલ્લંઘન કરવા બદલ જવાબદાર અધિકારીઓને કોર્ટમાં હાજર થવા ફરમાન કરવામાં આવ્યું**

રાજકોટ,તા.૧૮

રાજકોટની સિવિલ કોર્ટે ન્યાયિક હુકમનું અનાદર કરવા બદલ જિલ્લા કલેક્ટર, ડેપ્યુટી કલેક્ટર અને તાલુકા મામલતદાર વિરુધ્ધ કડક વલણ અપનાવ્યું છે. અદાલતે આ અધિકારીઓને કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ (અદાલતની અવમાનના) બદલ નોટીસ ફટકારીને કોર્ટમાં રૂબરૂ હાજર થવા આદેશ કર્યો છે.શું છે ગાંડુભાઈ મેઘજીભાઈ માયાણીએ વર્ષ ૧૯૫૮માં કોઠારીયા ગામમાં અંદાજે ૧૬ એકર ખેતીની જમીન દસ્તાવેજથી ખરીદી હતી. નવી માપણી દરમિયાન રેવન્યુ ઓથોરીટીની ભૂલને કારણે આ પૈકીની ૨ એકર જમીનની નોંધ રેકર્ડ પર ચડાવવામાં આવી ન હતી. અરજદારે આ મામલે રજૂઆત કરતા તંત્રએ એવો જવાબ આપ્યો હતો કે જમીન રૂડા વિસ્તારમાં હોવાથી અને કિંમતી હોવાથી નોંધ પ્રમાણિત થઈ શકે નહીં.પોતાની જ જમીન માટે ન્યાય મેળવવા સીનિયર સીટીઝન ગાંડુભાઈએ છેલ્લા ૧૮ વર્ષથી કાનૂની લડત ચલાવી હતી. અદાલતે તમામ પુરાવાઓ ધ્યાને લઈ અરજદારની તરફેણમાં દાવો મંજૂર કર્યો હતો. અદાલતે સરકારને ૩૦ દિવસમાં આ હુકમની અમલવારી કરી રિપોર્ટ સોંપવા આદેશ કર્યો હતો.તંત્રએ આ હુકમ સામે અપીલ કરી હતી, પરંતુ ઉપલી અદાલતે કોઈ સ્ટે (વચગાળાની મનાઈ) આપ્યો ન હતો. તેમ છતાં, સરકારી અધિકારીઓએ નિયત સમય મર્યાદામાં હુકમનું પાલન ન કરતા અંતે કોર્ટે આકરાં પગલાં લીધાં છે. આ કેસમાં અરજદાર તરફે એડવોકેટ પરેશ મારૂ અને તેમની ટીમ દ્વારા દલીલો રજૂ કરવામાં આવી હતી.

**નામ બદલાવેલ છે**

આથી હું નીચે સહી કરનાર સાક્ષી વિક્રમભાઈ સોજીત્રા જાહેર કરૂ છું કે મે મારું નામ સોજીત્રા સાક્ષી વિક્રમભાઈ માંથી સાક્ષી વિક્રમભાઈ સોજીત્રા બદલાવેલ છે.

સહી :- સાક્ષી વિક્રમભાઈ સોજીત્રા

સરનામું :- પટેલ લાઈન, સુરગપરા, મું વડીયા તા. કુંકાવાવ જી.અમરેલી, પીન નં. ૩૬૫૪૮૦

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૨૦૬/૨૦૨૫

અરજદાર :- શ્રી ગોવિંદભાઈ ભીખાભાઈ પડસાળીયા<br>
રહે.રાંઢીયા, તા.જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી<br>
- વ -<br>
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી<br>
મું.રાંઢીયા, તા.જિ. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના રાંઢીયા ગામમાં ગોવિંદભાઈ ભીખાભાઈ પડસાળીયા તેઓના પત્ની પડસાળીયા રાઘુબેન ગોવિંદભાઈની મરણ (તા.૨૮/૦૯/૨૦૧૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,<br>
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ<br>
અમરેલી ગ્રામ્ય

॥ હર હર મહાદેવ ॥ ॥ જય પરશુરામ ॥
ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર
શ્રી પરશુરામજીના પ્રાગટ્ય દિનની હાર્દિક શુભકામનાઓ
:: શુભેચ્છક ::
અજયભાઈ પંડયા
સેક્રેટરીશ્રી, બાબરા માર્કેટિંગ યાર્ડ



॥ હર હર મહાદેવ ॥ ॥ જય પરશુરામ ॥
ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર
શ્રી પરશુરામજીના પ્રાગટ્ય દિનની હાર્દિક શુભકામનાઓ
:: શુભેચ્છક ::
પ્રવિણભાઈ ચાવ
પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ, બાબરા



॥ હર હર મહાદેવ ॥ ॥ જય પરશુરામ ॥
ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર
શ્રી પરશુરામજીના પ્રાગટ્ય દિનની હાર્દિક શુભકામનાઓ
:: શુભેચ્છક ::
શૈલેષભાઈ કનૈયા
કર્મકાંડી બ્રાહ્મણ - બાબરા
9925760915



॥ હર હર મહાદેવ ॥ ॥ જય પરશુરામ ॥
ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર
શ્રી પરશુરામજીના પ્રાગટ્ય દિનની હાર્દિક શુભકામનાઓ
:: શુભેચ્છક ::
મુન્નાભાઈ મલકાણ
પ્રમુખશ્રી, ચેમ્બર ઓફ કોમર્સ બાબરા



॥ હર હર મહાદેવ ॥ ॥ જય પરશુરામ ॥
ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર
શ્રી પરશુરામજીના પ્રાગટ્ય દિનની હાર્દિક શુભકામનાઓ
:: શુભેચ્છક ::
મયુરભાઈ રાવળ
ભાજપ ઉમેદવારશ્રી
નગરપાલિકા બાબરા
(નીલકંઠ ઇલેક્ટ્રીક - બાબરા)



॥ હર હર મહાદેવ ॥ ॥ જય પરશુરામ ॥
ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર
શ્રી પરશુરામજીના પ્રાગટ્ય દિનની હાર્દિક શુભકામનાઓ
:: શુભેચ્છક ::
કૌશિકભાઈ ભરાડ
શહેર પ્રમુખ, આમ આદમી પાર્ટી બાબરા



॥ હર હર મહાદેવ ॥ ॥ જય પરશુરામ ॥
ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર
શ્રી પરશુરામજીના પ્રાગટ્ય દિનની હાર્દિક શુભકામનાઓ
:: શુભેચ્છક ::
નરૂભાઈ ત્રિવેદી
યમુના ગેસ એજન્સી
બાબરા



॥ હર હર મહાદેવ ॥ ॥ જય પરશુરામ ॥
ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર
શ્રી પરશુરામજીના પ્રાગટ્ય દિનની હાર્દિક શુભકામનાઓ
:: શુભેચ્છક ::
કાકુભાઈ ચાવ
અગ્રણીશ્રી, બાબરા બ્રહ્મ સમાજ - બાબરા



॥ હર હર મહાદેવ ॥ ॥ જય પરશુરામ ॥
ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર
શ્રી પરશુરામજીના પ્રાગટ્ય દિનની હાર્દિક શુભકામનાઓ
:: શુભેચ્છક ::
બાવકુસાહેબ ત્રિવેદી
પ્રમુખ
પેન્શન મંડળ - બાબરા



॥ હર હર મહાદેવ ॥ ॥ જય પરશુરામ ॥
ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર
શ્રી પરશુરામજીના પ્રાગટ્ય દિનની હાર્દિક શુભકામનાઓ
:: શુભેચ્છક ::
મૌલિકભાઈ તૈરૈયા
(ગૌ રક્ષક)
બાબરા



# ધંધુકામાં વાહન ઓવરટેક કરવાની બાબતે હિન્દુ યુવકની હત્યાથી ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

ધંધુકા,તા.૧૮

ધંધુકા શહેરમાં વાહન ઓવરટેક કરવાની બાબતે થયેલી તકરારે લોહિયાળ સ્વરૂપ ધારણ કરતા ધર્મેશ ગમારા નામના હિન્દુ યુવાનની હત્યા કરવામાં આવી છે. કિશન ભરવાડના કિસ્સા બાદ આ બીજી ઘટના બનતા સ્થાનિક હિન્દુ સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ હિંસક ઘટનામાં આરોપી રિઝવાનની



ધરપકડ કરવામાં આવી હોવા છતાં લોકોનો આક્રોશ શમ્યો નથી. રોષે ભરાયેલા ટોળાઓએ પાળીયાદ રોડ અને મુખ્ય સર્કલ પાસે વાહનો તથા દુકાનોમાં આગચંપી કરતા પરિસ્થિતિ ભારેલા અગ્નિ જેવી બની હતી. અચાનક ફાટી નીકળેલી હિંસાને કારણે સમગ્ર બજારો બંધ થઈ ગયા હતા અને લોકોમાં ભયનો માહોલ ફેલાયો હતો. સ્થિતિને નિયંત્રણમાં લેવા માટે અમદાવાદ ગ્રામ્ય એસપી સહિત પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે તૈનાત કરવામાં આવ્યો છે. હાલમાં સંવેદનશીલ વિસ્તારોમાં ચુસ્ત પોલીસ પહેરો ગોઠવી દેવામાં આવ્યો છે અને પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ કરીને શાંતિ જાળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

# જૂનાગઢમાં નશાની લતના કારણે મિત્રો વચ્ચે માથાકૂટ થતા યુવાનની નિર્મમ હત્યા

જૂનાગઢ,તા.૧૮

જૂનાગઢના ડુંગરપુર વિસ્તારમાં માનવતાને શરમાવે તેવી એક હચમચાવી દેતી ઘટના સામે આવી છે. અહીં ડુંગરપુર અને ખડીયા વચ્ચે આવેલા એક આશ્રમ પાસે ત્રણ મિત્રો નશો કરવા માટે એકઠા થયા હતા. આ દરમિયાન તેમની વચ્ચે કોઈ સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે જોતજોતામાં હિંસક




સ્વરૂપ ધારણ કરી ગઈ હતી. આવેશમાં આવી ગયેલા મિલન સોલંકી અને અનિલ ગુજરાતી નામના બે શખ્સોએ પોતાના જ મિત્ર ૪૦ વર્ષીય રફીકશાહ કરીમશાહ રફાઈ પર લોખંડના પાઈપ વડે ઘાતકી હુમલો કર્યો હતો. આ હુમલો એટલો ગંભીર હતો કે રફીકશાહના માથામાં જીવલેણ ઈજાઓ થઈ હતી અને હાથ-પગમાં ફ્રેક્ચર થવાને કારણે તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.હત્યા બાદ બંને આરોપીઓ મૃતદેહને ત્યાં જ રેઢો મૂકીને ફરાર થઈ ગયા હતા, પરંતુ પોલીસે ગણતરીના કલાકોમાં જ ત્વરિત કાર્યવાહી કરીને બંનેની ધરપકડ કરી લીધી છે.

# સુરતના ડીંડોલી વિસ્તારમાં ૨ ૨૦૦ રૂપિયા માટે યુવકની કરપીણ હત્યા

સુરત,તા.૧૮

સુરતના ડીંડોલી વિસ્તારમાં માત્ર ૨૨૦૦ રૂપિયાની લેતીદેતીના ઝઘડામાં શુભમ વાઘ નામના યુવકની નિર્મમ હત્યા કરવામાં આવી છે. શુભમ જ્યારે પોતાના લેણા પૈસા માંગવા ગયો, ત્યારે હુમલાખોરોએ ઉશ્કેરાઈ જઈ તેના પર ધારદાર ચપ્પુથી અનેક ઘા ઝીંક્યા હતા. આ હુમલો શુભમના ઘરની બહાર જ થયો હતો, જેમાં ગંભીર રીતે



ઘવાયેલા યુવકનું હોસ્પિટલ પહોંચતા પહેલા જ મોત નીપજ્યું હતું. ડીંડોલી પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે, પરંતુ સામાન્ય રકમ માટે આચરવામાં આવતી આવી હિંસાએ શહેરમાં ચકચાર મચાવી દીધી છે.

# લીંબડીમાં રહેણાંક મકાનમાં ભીષણ આગ : બેના કરૂણ મોત



સુરેન્દ્રનગર,તા.૧૮

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડીની વોરા સોસાયટીમાં મોડી રાત્રે એક રહેણાંક મકાનમાં અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. આ કમનસીબ ઘટનામાં એક મહિલા અને એક પુરુષનું ઘટનાસ્થળે જ ગૂંગળામણ અને દાઝી જવાથી મોત નીપજ્યું હતું. જ્યારે મકાનમાં હાજર અન્ય એક વ્યક્તિને બચાવ ટુકડીએ સમયસર બહાર કાઢી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા છે. પ્રાથમિક તપાસમાં એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે એર કન્ડીશનરમાં થયેલા શોર્ટ સર્કિટને કારણે આ આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઘટનાની જાણ થતા સ્થાનિક ધારાસભ્ય અને અગ્રણીઓએ હોસ્પિટલની મુલાકાત લઈ અસરગ્રસ્ત પરિવારને સાંત્વના પાઠવી હતી. પોલીસ અને તંત્ર દ્વારા આગનું સચોટ કારણ જાણવા તપાસ તેજ કરવામાં આવી છે.

















